તમામ પરીક્ષાઓમાં રેકોર્ડ બ્રેક સ્કોર કરાવતું મેગેઝિન

# જૂન

## Part 2

# 2026

કરન્ટ અફેર્સ તો Crack GPSC નું જ



# CRACK GPSC

**UPSC - GPSC - PI - PSI - RFO**

**Dy. SO / મામ. | કલર્ક | તલાટી | કોન્સ્ટેબલ**

CCE | TAT | TET | HTAT

# Most Imp Current Affairs - 16 June 2026

- અમેરિકા - ઈરાન યુદ્ધ 107 દિવસ બાદ સમાપ્ત કરવાની જાહેરાત થઈ. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ઈરાન સાથે શાંતિ મંત્રણા માટે સહમતી અપાઈ છે. ટ્રમ્પ દ્વારા હૉરમુઝ સ્ટ્રેટને કોઈ પણ પ્રકારના ટોલ વસુલાત વિના ખોલવાનો દાવો કર્યો છે અને સાથે ઈરાનનાં તમામ બંદરો પરથી નાકાબંધી હટાવવાની જાહેરાત કરી છે.

- યોગાસન ભારત ફેડરેશન દ્વારા ક્રિકેટની IPLની જેમ **યોગાસન સુપર લીગ (YSL)** શરુ કરવાની જાહેરાત કરવામાં આવી. આ સ્પર્ધામાં એથ્લિટનું મૂલ્યાંકન તેની સ્થિરતા, સંતુલન અને આસનને કેટલો સમય રોકી રાખ્યું તેના આધારે કરવામાં આવશે.

- દિવ્ય ભાસ્કર ગુજરાતી ફિલ્મ એવોર્ડ 2026નું આયોજન અમદાવાદ ખાતે કરવામાં આવ્યું. આ એવોર્ડમાં ટીવી સીરીયલ **અનુપમાના અરવિંદ વૈધને** લાઈફ ટાઈમ એચિવમેન્ટ એવોર્ડ તથા અભિનેતા **શર્મન જોશીને** પ્રાઈડ ઓફ સિનેમાથી સન્માનિત કરવામાં આવ્યા. **'લાલો'** બેસ્ટ ફિલ્મ, **રીવા રાછે** બેસ્ટ એક્ટ્રેસ અને **યશ સોનીએ** બેસ્ટ એક્ટરનો અવોર્ડ જીત્યો**.** 'લાલો'એ સૌથી વધુ **8 અવોર્ડ** જીત્યા. ફિલ્મ લાલો માટે **કિર્તીદાન ગઢવીને** બેસ્ટ પ્લેબેક સિંગર (મેલ) અને **એશ્વર્યા મજમુદારને** બેસ્ટ પ્લેબેક સિંગર (ફિમેલ)નો એવોર્ડ અપાયો**. લાલો: કૃષ્ણ સદા સહાયતે** ફિલ્મને બેસ્ટ ફિલ્મનો એવોર્ડ આપવામાં આવ્યો. ફિલ્મ **કટલાકરીને** બેસ્ટ ઓટીટી ફિલ્મનો એવોર્ડ અપાયો.

- ભારત અને ફ્રાન્સે **'ઇનોવેશન રોડમેપ 2030'** અપનાવ્યો, જેનો ઉદ્દેશ્ય AI, અવકાશ, ઊર્જા અને વેપાર જેવાં ક્ષેત્રોમાં સહયોગ વધારવાનો છે. બંને દેશોએ આગામી પાંચ વર્ષમાં દ્વિપક્ષીય વેપારને બમણું કરવાનું લક્ષ્ય રાખ્યું છે. ભારતની ડિજિટલ પેમેન્ટ સિસ્ટમ, UPIનો ઉપયોગ ફ્રાન્સમાં પણ વિસ્તરશે.

- ભારતીય તીરંદાજ **ધીરજ બોમ્મેદેવરાએ** તુર્કીમાં તીરંદાજી વર્લ્ડ કપમાં બે ગોલ્ડ મેડલ જીત્યા.

- પોરબંદર ખાતે કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી ડો. મનસુખ માંડવીયાના અધ્યક્ષ સ્થાને 'વિકસિત પોરબંદર ફર્નિચર પાર્ક સમિટ'નું આયોજન કરવામાં આવ્યું. બંદર આધારિત ઔદ્યોગિકીકરણના વિઝન હેઠળ પોરબંદરને વૈશ્વિક ફર્નિચર હબ બનાવવામાં આવશે.

- ગુંટુરના લેમ ફાર્મ સ્થિત પ્રાદેશિક બાગાયતી સંશોધન મથક (RHRS)એ મરચાંની બે નવી જાતો, LCA-625 અને LCA-643 બહાર પાડી.

## 17 જૂન

- DRDOએ ઓડિશાના દરિયાકાંઠે **ડૉ. એ પી જે અબ્દુલ કલામ ટાપુ** પરથી લાંબા અંતરની લેન્ડ એટેક ક્રુઝ મિસાઇલનું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું. આ એક સ્વદેશી મિસાઇલ છે. બેંગલુરુમાં એરોનોટિકલ ડેવલપમેન્ટ એસ્ટાબ્લિશમેન્ટ આ પ્રોજેક્ટ માટે નોડલ લેબ છે.

- ઝારખંડનાં 11 પરંપરાગત ઉત્પાદનો, ભોયા સાડી અને ફેબ્રિક, કુચાઈ સિલ્ક સાડી, કેસરિયા કલાકંદ, ડોકરા ક્રાફ્ટ, તુમકા ચાદર, બરોની પેઇન્ટિંગ્સ, મુંડા જ્વેલરી, ઝારખંડ બામ્બૂ ક્રાફ્ટ, તુસ્સાર સિલ્ક અને સાડીઓ, જાડોપટિયા પેઇન્ટિંગ અને પાંચો સાડી અને ફેબ્રિકને GI Tag આપવામાં આવ્યો.

- **કેરળ** સરકારે મહિલાઓ અને ટ્રાન્સજેન્ડર લોકો માટે **'પ્રિયદર્શિની'** મફત બસ મુસાફરી યોજના શરૂ કરી. આ યોજના હેઠળ, મહિલાઓ રાજ્યમાં નોંધણી વિના તમામ સામાન્ય KSRTC બસોમાં મફત મુસાફરી કરી શકશે. મુસાફરોએ ફક્ત કંડક્ટર પાસેથી શૂન્ય-મૂલ્ય ટિકિટ ખરીદવાની જરૂર પડશે.

- પીએમ મોદીને **સ્લોવાકિયાના** સર્વોચ્ચ રાષ્ટ્રીય સન્માન, **'ધ ઓર્ડર ઓફ ધ વ્હાઇટ ડબલ ક્રોસ'થી** નવાજવામાં આવ્યા. આ પીએમ મોદીનું 33મું આંતરરાષ્ટ્રીય સન્માન છે.

- ભારતીય AI સ્ટાર્ટઅપ **સર્વમે** યુનિકોર્ન ક્લબમાં જોડાઈને $234 મિલિયનનું ભંડોળ એકત્ર કર્યું. કંપની ભારતના સાર્વભૌમ AI સ્ટેક અને ભારતીય ભાષાઓ સમજતાં AI મોડેલો વિકસાવી રહી છે. ભારતમાં યુનિકોર્નની કુલ સંખ્યા 123ને વટાવી ગઈ છે.

- **ગુજરાત** રાજ્ય સરકારે **બિરસા મુંડા જનજાતિય ગૌરવ પરિવાર યોજના** શરૂ કરી. આદિજાતિ વિકાસ મંત્રાલય અંતર્ગત આદિજાતિ વિસ્તારમાં કુલ રૂપિયા 132 કરોડના ખર્ચે **450 બસોને** મંજૂરી આપવામાં આવી. યોજના અંતર્ગત રાજ્યના તમામ **14** આદિવાસી જિલ્લાઓમાં અંતરિયાળ વિસ્તારોમાંથી શાળામાં અપડાઉન કરતા 12 હજારથી વધુ અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવશે.

- સાઉથર્ન કેલિફોર્નિયાના મોજાવ ડેસર્ટમાં અમેરિકન એરફોર્સનું **બી-52 બોમ્બર** પ્લેન ટેકઓફ કર્યાની તરત જ તૂટી પડતાં આઠનાં મોત થયાં. બોઇન્ગ બી 52 પરંપરગત શસ્ત્રો અને પરમાણુ શસ્ત્રો લઇ જવા માટે સક્ષમ છે.

## 18 જૂન

- સુરતના કરોડો રૂપિયાના ટેક્સટાઇલ વેપારને સુરક્ષા આપવા માટે ગુજરાત સરકાર દ્વારા **સુરતમાં** દેશનું પ્રથમ ટેક્સટાઇલ પોલીસ સ્ટેશન સ્થાપવાની મંજૂરી આપવામાં આવી. તેમાં 7 પોલીસ સ્ટેશન વિસ્તારની કાપડ વેપાર સંબંધિત તમામ ફરિયાદો નોંધાશે.

- ભારત અને યુરોપીયન યુનિયન આ વર્ષના અંત સુધીમાં અત્યંત મહત્ત્વાકાંક્ષી ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ (એફટીએ) એટલે કે મુક્ત વેપાર કરાર પર સહી કરશે. ઈયુના ટોચના નેતા ઉર્સુલા વોન ડેર લીયેને વડાપ્રધાન મોદી સાથે મંત્રણા કર્યા પછી આ બાબતે જણાવ્યું હતું. ફ્રાન્સ ખાતે આયોજિત થયેલી G7 શિખર પરિષદમાં બંને પક્ષકારોએ સિક્યુરિટી અને સહયોગને આગળ વધારવા માટે પણ ચર્ચાઓ કરી હતી. આ પ્રકારના એગ્રીમેન્ટથી બંને વચ્ચે કુલ 136 અબજ ડોલરના વ્યાપારની શક્યતાઓ વધશે.

- **આઈઆઈટી મદ્રાસે** માનવ મસ્તિષ્કના અધ્યયનના ક્ષેત્રમાં મહત્ત્વપૂર્ણ ઉપલબ્ધિ હાંસલ કરી છે. IIT મદ્રાસના સુધા ગોપાલકૃષ્ણન બ્રેન સેન્ટરે **'એન્કર'** નામનો એક હાઈ-રિઝોલ્યુશન **3D બ્રેઈનસ્ટેમ એટલાસ** વિકસાવ્યો છે, જે માનવ બ્રેઈનસ્ટેમનો અત્યાર સુધીનો સૌથી વિગતવાર ડિજિટલ નકશો છે. આ એટલાસ મગજની સંરચનાઓને કોષ સ્તર સુધી દર્શાવે છે અને મગજના વિકાસ તેમજ તેની કાર્યપ્રણાલીને સમજવા માટે એક નવો વૈજ્ઞાનિક સ્ત્રોત પૂરો પાડે છે. **એન્કર એટલે કે એટલાસ ઓફ ન્યુરોકેમિકલ કેરેક્ટરાઈઝેશન ઓફ ધ હ્યુમન બ્રેઈનસ્ટેમ** વિથ 3D રિકન્સ્ટ્રક્શનમાં ગર્ભાવસ્થા

દરમિયાન વિકસી રહેલા મગજથી લઈને બાળકો, વયસ્કો સુધીના બ્રેઈનસ્ટેમની માહિતીનો સમાવેશ કરાયો છે. નિષ્ણાતોનું માનવું છે કે આ એટલાસ અલ્ઝાઇમર, પાર્કિન્સન્સ, સ્ટ્રોક અને બ્રેઇન ટ્યુમર જેવી ન્યુરોલોજીકલ (ચેતાતંત્ર સંબંધિત) બીમારીઓના અભ્યાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે. તેની મદદથી પ્રભાવિત કોષો અને મગજની રચનાઓની ઓળખ વધુ સચોટતાથી કરી શકાશે. આનાથી રોગોનાં જૈવિક કારણોને સમજવામાં અને ભવિષ્યમાં વધુ સારા નિદાન તેમજ સારવાર વિકસાવવા સંબંધિત સંશોધનને વેગ મળવાની આશા છે.

- અમેરિકાએ મહત્વનો નિર્ણય લેતાં પોતાના **'ઈન્ડો-પેસિફિક કમાન્ડ'નું** નામ ફરી બદલી નાખ્યું છે. કમાન્ડના નામમાંથી **'ઈન્ડો'** શબ્દ હટાવી દેવામાં આવ્યો છે. કમાન્ડ ફરી તેના મૂળ નામ **'યુએસ પેસિફિક કમાન્ડ'ના** નામે ઓળખાશે. અમેરિકાના યુદ્ધ વિભાગે નામમાં થયેલા આ ફેરફાર અંગે જાહેરાત કરી હતી. સાત દાયકા સુધી કમાન્ડનું નામ યૂએસપેસિફિક કમાન્ડ જ રહ્યું હતું. પરંતુ વર્ષ **2018માં** ઇન્ડો શબ્દ દાખલ કરવામાં આવ્યો હતો. અમેરિકાએ ભારતનો ઉલ્લેખ કરતાં કહ્યું છે કે આ કમાન્ડની મર્યાદા ભારતની પશ્ચિમી સરહદ સુધી સમાન રહેશે. નામમાં રહેલ ઇન્ડો શબ્દ હિંદ મહાસાગર વિસ્તારના વધી રહેલા વ્યુહાત્મક મહત્વ અને પ્રશાંત ક્ષેત્રની સુરક્ષા સાથે તેના વધી રહેલા જોડાણને દર્શાવે છે.

- ડિફેન્ડિંગ ચેમ્પિયન આર્જેન્ટિનાએ **ફિફા વર્લ્ડ કપ 2026માં** અલ્જીરિયાને મેચના **ત્રણેય ગોલ** સ્ટાર ફુટબોલર **મેસીએ** કર્યા હતા.

**મેસીના રેકોર્ડ**

- ✓ 200 ઈન્ટરનેશનલ મેચ રમનાર પહેલા દક્ષિણ અમેરિકન પુરુષ ફુટબૉલર.
- ✓ 38 વર્ષ, 357 દિવસની ઉંમરમાં વર્લ્ડ કપમાં પહેલી હેટ્રિક બનાવી.
- ✓ આર્જેન્ટિના માટે વર્લ્ડ કપમાં ગોલ કરનારા સૌથી યુવા (18 વર્ષ 357 દિવસ) અને સૌથી ઉંમર લાયક ખેલાડી.
- ✓ વર્લ્ડ કપમાં 16 ગોલ. સર્વાધિક ગોલના જર્મનીના મિરોસ્લાવ ક્લોસના ઑલટાઇમ રેકોર્ડની બરાબરી કરી.
- ✓ વર્લ્ડ કપમાં 24 ગોલ કંટ્રીબ્યૂશન (16 ગોલ, 8 આસિસ્ટ) થયા.
- ✓ 6 અલગ અલગ વર્લ્ડકપમાં ભાગ લેનાર દુનિયાના પહેલા ખેલાડી બન્યા.
- ✓ રોનાલ્ડો બાદ 5 અલગ અલગ વર્લ્ડકપમાં ગોલ કરનારા બીજા ખેલાડી
- ✓ સતત 5 વર્લ્ડકપ મેચમાં ગોલ કરનારા આર્જેન્ટિનાના પહેલા ખેલાડી
- ✓ કોઇ આફ્રિકન દેશ (અલ્જીરિયા) વિરુદ્ધ મેસીની પહેલી હેટ્રિક
- ✓ અલ્જીરિયા વર્લ્ડકપમાં મેસી વિરુદ્ધ ગોલમાં મ્હાત થયેલી 11મી ટીમ

## 19 જૂન

- કેન્દ્ર સરકારે છત્તીસગઢ કેડરના 2003 બેચના આઈપીએસ અધિકારી **સુંદરરાજ પી.ને** રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA)ના નવા મહાનિરીક્ષક (IG) તરીકે નિયુક્ત કર્યા છે. સુંદરરાજ પી. લગભગ 12 વર્ષથી બસ્તર ક્ષેત્રમાં નક્સલ વિરોધી કામગીરીનું નેતૃત્વ કરી રહ્યા છે. તેઓ નક્સલ પ્રભાવિત વિસ્તારોમાં સફળતાપૂર્વક સુરક્ષા કામગીરી કરવા માટે જાણીતા છે.

- બ્રહ્મોસ એરોસ્પેસના સીઈઓ **જયતીર્થ જોશીના** જણાવ્યા અનુસાર, રશિયા **બ્રહ્મોસ મિસાઈલને** પોતાની સેનામાં સામેલ કરવા ઈચ્છે છે અને આ અંગે બંને દેશો વચ્ચે મંત્રણા ચાલી રહી છે. ભવિષ્યમાં ભારતથી રશિયાને આ મિસાઈલોનો સપ્લાય કરવામાં આવી શકે છે.

- **કોચ્ચિ-અગત્તી** રૂટ પર દેશની પહેલી કોમર્શિયલ સી-પ્લેન સેવા શરૂ થશે. 'ઉડાન' યોજના હેઠળ સ્કાયહોપ એવિએશન કંપની 19 સીટવાળું ડીએચસી-6 ટ્વિન ઓટર સી-પ્લેન ચલાવશે. જે પાણી અને રનવે બંને પર લેન્ડિંગ અને ટેકઓફ કરી શકશે.

- G7 દેશોએ ડિજિટલ ટેકનોલોજી અને સ્વચ્છ ઊર્જા માટે જરૂરી ખનિજોના પુરવઠાને સુરક્ષિત કરવા માટે **ક્રિટિકલ મિનરલ્સ રેઝિલિયન્સ એન્ડ પ્રોડક્શન એલાયન્સ** શરૂ કર્યું છે. આ પહેલનો હેતુ દુર્લભ ખનિજો માટે કોઈપણ એક દેશ પર નિર્ભરતા ઘટાડવાનો છે. તેમણે 2030 સુધીમાં બાહ્ય નિર્ભરતાને 60%થી નીચે લાવવાનું લક્ષ્ય રાખ્યું છે.

- ભારતીય મહિલા ક્રિકેટર **સ્મૃતિ મંધાનાને** TIME મેગેઝિનની '2026ના 100 સૌથી પ્રભાવશાળી રમતગમત વ્યક્તિઓ'ની યાદીમાં સામેલ કરવામાં આવી. તે આ યાદીમાં સ્થાન મેળવનાર એકમાત્ર ભારતીય ખેલાડી છે. મંધાના એક કેલેન્ડર વર્ષમાં ODI ક્રિકેટમાં 1,000+ રન બનાવનારી પ્રથમ મહિલા ક્રિકેટર છે.

- પશ્ચિમ રેલવેના **ભાવનગર ડિવિઝને** ગીર વિસ્તારમાં એશિયાટિક સિંહો અને અન્ય વન્યજીવોના સુરક્ષિત સ્થળાંતર માટે દેશનો પ્રથમ રેલવે અંડરપાસ તૈયાર કર્યો છે. તેનો મુખ્ય ઉદ્દેશ્ય રેલવે ટ્રેક પર થતા વન્યપ્રાણીઓના અકસ્માતો અટકાવવાનો અને ટ્રેન હેઠળ કચડાઈ જતા સિંહોના જીવ બચાવવાનો છે. રેલવે અને વન વિભાગ દ્વારા અન્ય પગલાં પણ લેવામાં આવી રહ્યાં છે, જેમાં વધુ પાંચ અંડરપાસ અને AI આધારિત મોનિટરિંગ સિસ્ટમનો સમાવેશ થાય છે, જે સિંહોની હિલચાલ અંગે ચેતવણી આપશે.

- QS વર્લ્ડ યુનિવર્સિટી રેન્કિંગ્સ 2027માં **IIT-દિલ્હીએ** ભારતીય સંસ્થાઓમાં સતત ટોચનું સ્થાન જાળવી રાખીને વૈશ્વિક સ્તરે **118મો** ક્રમ મેળવ્યો છે. આ યાદીમાં કુલ 52 ભારતીય સંસ્થાઓ સ્થાન પામી છે જેમાં IIT દિલ્હી સહિત IIT મુંબઈ, મદ્રાસ, ખડગપુર અને IIsc બેંગલુરુ ટોપ 5 ભારતીય સંસ્થાઓ છે. IIT અને IIsc જેવી સંસ્થાઓની સાથે સાથે બિન-IIT અને ખાનગી યુનિવર્સિટીઓએ પણ આ યાદીમાં સ્થાન મેળવ્યું છે. વિશ્વની 1500થી વધુ શૈક્ષણિક સંસ્થાઓની આ યાદીમાં અમેરિકાની MIT સંસ્થા પ્રથમ ક્રમે છે. કુલ 184 સંસ્થાઓ સાથે અમેરિકા પ્રથમ અને UK 93 સંસ્થાઓ સાથે બીજા ક્રમે છે.

- પાછલા નાણાકીય વર્ષ (2025-26)માં ભારતનું વાર્ષિક સંરક્ષણ ઉત્પાદન **1.78 લાખ કરોડ રૂપિયાના** રેકોર્ડ સ્તરે પહોંચી ગયું છે, જે અત્યાર સુધીનો સૌથી મોટો આંકડો છે. પાછલા નાણાકીય વર્ષ કરતાં તે 15.6% વધુ છે. વર્ષ 2020-21ની સરખામણીમાં સંરક્ષણ ઉત્પાદનમાં 110 ટકાનો ઉછાળો આવ્યો છે. પાછલાં કેટલાક વર્ષોમાં આ ઉત્પાદનમાં સરકારી કંપનીઓ (DPSUs અને અન્ય PSUs)નો હિસ્સો

લગભગ 76 ટકા અને ખાનગી ક્ષેત્રનું યોગદાન 24 ટકા છે. 2025-26માં ખાનગી ક્ષેત્રે આશરે 42,000 કરોડ રૂપિયાનું ઉત્પાદન કર્યું છે, જે અત્યાર સુધીનું સૌથી સર્વોચ્ચ સ્તર છે.

## 20 જૂન

- અમેરિકાના પૂર્વ ગુપ્તચર પ્રમુખ **તુલસી ગબાર્ડે** પોતાના કાર્યાલયમાં છેલ્લા દિવસે ટોચના વિજ્ઞાની ડૉ. એન્થની ફૉસી પર ગંભીર આરોપ લગાવ્યા છે. તેમણે કેટલાક ગુપ્ત દસ્તાવેજો જાહેર કરીને દાવો કર્યો છે કે ડૉ. ફૉસીએ **ચીનની વુહાન લેબને** લાખો ડૉલરનું સરકારી ફંડિંગ આપ્યું હતું. વર્ષ 2020માં કોરોના સમયે તેની સામે લડવાની તમામ જવાબદારી સરકારે ડો. ફોસીને આપી હતી. આરોપ છે કે ડો. ફોસીએ **'ગેઇન ઓફ ફંક્શન રિસર્ચ'** માટે ફન્ડિંગ આપ્યું હતું. આ એક એવુ રિસર્ચ છે જેમાં કોઈ વાયરસને લેબની અંદર જાણી જોઈને વધુ તાકાતવર સંક્રમક કે ખતરનાક બનાવવામાં આવે છે.

- વૈજ્ઞાનિક **જૈનેન્દ્ર કે. જૈનને** ફિઝિક્સનું પ્રતિષ્ઠિત 'વુલ્ફ પ્રાઇઝ' મળ્યું છે. આ પુરસ્કાર તેમને **'કમ્પોઝિટ ફર્મિઓન્સ'ની** શોધ માટે મળ્યો છે, જેણે ક્વોન્ટમ ભૌતિકશાસ્ત્રની સમજને એક નવી દિશા આપી છે. ફિઝિક્સ કેટેગરીમાં આ સન્માન મેળવનારા તેઓ ભારતીય મૂળના પ્રથમ વૈજ્ઞાનિક છે. ભૌતિકશાસ્ત્રમાં કમ્પોઝિટ ફર્મિઓન્સ એ **ક્વોન્ટમ મિકેનિક્સ અને કન્ડેન્સ્ડ મેટર ફિઝિક્સની** એક મહત્વપૂર્ણ વિભાવના છે. જ્યારે ખૂબ જ મજબૂત ચુંબકીય ક્ષેત્રમાં ઇલેક્ટ્રોન જેવા કણો (Fermions)ની આસપાસ ક્વોન્ટમ વોર્ટેક્સ (Quantum Vortices) જોડાય છે, ત્યારે જે નવા ક્વાસી-પાર્ટિકલ્સ બને છે તેને કમ્પોઝિટ ફર્મિઓન્સ કહેવામાં આવે છે. આ થિયરીના કારણે **'ફ્રેક્શનલ ક્વોન્ટમ હોલ ઇફેક્ટ'** જેવા ભૌતિકશાસ્ત્રના જટિલ કોયડાઓ ઉકેલવામાં સરળતા મળી છે. આજના સમયમાં તેનો ઉપયોગ ક્વોન્ટમ કમ્પ્યુટિંગ અને અધતન સામગ્રીના સંશોધનમાં થાય છે.

- ભારતીય મહિલા ક્રિકેટ ટીમની ઉપ-કેપ્ટન **સ્મૃતિ મંધાના** T20 ક્રિકેટમાં 600 ચોગ્ગા મારનાર વિશ્વની પ્રથમ ક્રિકેટર બની છે. તેણીના નામે હવે 604 ચોગ્ગા છે. તેણીએ અન્ય તમામ ક્રિકેટરોને પાછળ છોડી દીધા છે, જેમાં મહિલાઓમાં ન્યુઝીલેન્ડની સુઝી બેટ્સ (521 ચોગ્ગા) અને પુરુષોમાં પાકિસ્તાનના બાબર આઝમ (477 ચોગ્ગા)નો સમાવેશ થાય છે.

- **સંયુક્ત આરબ અમીરાતે** સોશિયલ મીડિયાના ઉપયોગ માટે લઘુત્તમ ઉંમર 15 વર્ષ નક્કી કરી છે. જે આવો નિયમ લાગુ કરનાર પ્રથમ આરબ દેશ બન્યો છે. 15 વર્ષથી ઓછી ઉંમરના બાળકો સોશિયલ મીડિયા એકાઉન્ટ નહીં બનાવી શકે.

- **ઉઝબેકિસ્તાન** ન્યૂ ડેવલપમેન્ટ બેંક (NDB)મા દસમા સભ્ય રાષ્ટ્ર તરીકે જોડાયું. આ સત્તાવાર જોડાણની સાથે તે NDBમાં સામેલ થનાર મધ્ય એશિયાનો પ્રથમ દેશ બન્યો છે. NDBની સ્થાપના BRICS દેશોએ **2014માં** કરી હતી, જેનું કાર્ય **2015માં** શરૂ થયું હતું. બેંકનો મુખ્ય ઉદ્દેશ્ય ઉભરતા અર્થતંત્રોમાં વિકાસ અને પાયાની માળખાગત સુવિધાઓ માટે નાણાકીય સંસાધનો એકત્ર કરવાનો છે. NDBનું મુખ્યાલય **શાંઘાઈ (ચીન)માં** છે. NDBના વર્તમાન અધ્યક્ષ **ડીલમા રુસેફ (બ્રાઝિલ)** છે. NDBમાં BRICS દેશો ઉપરાંત ઇજિપ્ત, બાંગ્લાદેશ, UAE, અલ્જીરિયા અને હવે ઉઝબેકિસ્તાનનો સમાવેશ થાય છે.

- શિકાગોમાં પૂર્વ અમેરિકન રાષ્ટ્રપતિ **બરાક ઓબામાના** સન્માનમાં બનેલું ઓબામા પ્રેસિડેન્શિયલ સેન્ટર જનતા માટે ખુલશે. આશરે રૂ. 8,000 કરોડના ખર્ચે બનેલી આ અમેરિકાની સૌથી મોંઘી પ્રેસિડેન્શિયલ લાઇબ્રેરી છે.

- 35 વર્ષ બાદ અમેરિકાના રાષ્ટ્રપતિનું વિમાન **એરફોર્સ વન બોઇન્ગ 747 202 B** સેવામાંથી નિવૃત થશે. તેનું સૈન્ય નામ **VC-25A** છે. અમેરિકાના રાષ્ટ્રપતિ વિશ્વના કોઈપણ ભાગમાં સુરક્ષિત રીતે પ્રવાસ કરી શકે તે માટે આ વિમાનને "ઉડતું વ્હાઇટ હાઉસ" (Flying White House) પણ કહેવામાં આવે છે. તેના સ્થાને નવું એરફોર્સ વન બોઇંગ 747 8 આગામી સમયમાં સેવામાં જોડવામાં આવશે. નવું વિમાન લેસર મિસાઈલ ડિફેન્સ સિસ્ટમ, રડાર ચેતવણી અને જામર સાથે સજ્જ છે. આ વિમાનની પાંખોની નવી ડિઝાઇનના કારણે તેની ગતિ **1,050 કિમી પ્રતિ કલાક** સુધી મેળવી શકાશે.

- ભારત સરકારે મહિલાઓની સુરક્ષા અને તેમના અધિકારોને મજબૂત કરવા માટે **મિશન શક્તિ અંતર્ગત SHe-Box 2.0** પોર્ટલનું નવું સંસ્કરણ લોન્ચ કર્યું છે. આ ડિજિટલ પ્લેટફોર્મ કાર્યસ્થળ પર થતી જાતીય સતામણીની ફરિયાદો નોંધવા અને તેના પર દેખરેખ રાખવા માટે એક સુરક્ષિત મંચ છે. તે સુરક્ષિત, ગોપનીય અને યુઝર ફ્રેન્ડલી છે. આ પોર્ટલ સંગઠિત અને અસંગઠિત બંને ક્ષેત્રોમાં કામ કરતી મહિલાઓને આવરી લે છે અને 22 વિવિધ ભાષાઓમાં સુલભ છે.

## 21 જૂન

- ભારતીય વિદેશ સેવાના 1998 બેચના અધિકારી **વિશ્વાસ વિદુ સપકાલ** સ્લોવાકિયામાં ભારતના આગામી રાજદૂત હશે. તેઓ હાલમાં પેરુમાં ભારતના રાજદૂત છે.

- **ભારત** દુનિયામાં ક્લાઉડ ટેકનોલોજીનું સૌથી ઝડપથી વિકસતું કેન્દ્ર બની ગયું છે. નેટિવ કમ્પ્યુટિંગ ફાઉન્ડેશનના રિપોર્ટ અનુસાર ભારતમાં હાલમાં આશરે 22.5 લાખ ક્લાઉડ ડેવલપર્સ છે. આ દુનિયાના કુલ 2 કરોડ ડેવલપર્સના લગભગ 11% છે. ક્લાઉડ ડેવલપર ઇન્ટરનેટ (ક્લાઉન્ડ) પર ચાલતી એપ્સ અને સોફ્ટવેર બનાવે છે તેમજ તેને સુરક્ષિત રાખે છે. ખાસ વાત એ છે કે દેશના 70% ડેવલપર્સની ઉંમર 35 વર્ષથી ઓછી છે.

- એક ઐતિહાસિક ચુકાદામાં, સુપ્રીમ કોર્ટે ચાલવાના અધિકારને મૂળભૂત અધિકાર જાહેર કર્યો. ન્યાયાધીશ પી. એસ. નરસિંહા અને એ.એસ. ચાંદુરકરની બેન્ચે જણાવ્યું હતું કે ફૂટપાથ પર ચાલવું બંધારણની **કલમ 19 (1) અને કલમ 21 હેઠળ** આવે છે. કોર્ટે શહેરી સ્થાનિક સંસ્થાઓને ફૂટપાથ સારી સ્થિતિમાં છે કે કેમ તેની ખાતરી કરવા નિર્દેશ આપ્યો.

- પ્રખ્યાત ભારતીય ન્યાયશાસ્ત્રી **બિમલ પટેલને** ઇન્ટરનેશનલ ટ્રિબ્યુનલ ફોર ધ લો ઓફ ધ સી (ITLOS)ના ન્યાયાધીશ તરીકે ચૂંટવામાં આવ્યા. પટેલ હાલમાં યુનાઇટેડ નેશન્સ ઇન્ટરનેશનલ લો કમિશનના સભ્ય અને નેશનલ ડિફેન્સ યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર છે. ITLOS એક સ્વતંત્ર સંસ્થા છે જે દરિયાઈ વિવાદોનું નિરાકરણ કરે છે.

- એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ (ADR)એ મહિલા ચૂંટણી ઉમેદવારો પર એક અહેવાલ બહાર પાડયો. તેમાં 20 રાજ્યોમાં વિધાનસભા ચૂંટણીઓ અને 2024ની સામાન્ય ચૂંટણીઓનું વિશ્લેષણ કરવામાં આવ્યું. અહેવાલ મુજબ, રાજ્ય વિધાનસભા ચૂંટણીઓમાં માત્ર 10.2% મહિલા ઉમેદવારોને તક આપવામાં આવી હતી. સામાન્ય ચૂંટણીઓમાં માત્ર 9.6% મહિલાઓએ ચૂંટણી લડી હતી.

- આંતરરાષ્ટ્રીય યોગા દિવસ 21 જૂન. થીમ: **સ્વસ્થ વૃદ્ધાવાસ્થા માટે યોગ (Yoga For Health Ageing.** વર્ષ 2026માં **12મો** યોગા દિવસ મનાવવામાં આવ્યો. ગુજરાત રાજ્ય સરકાર દ્વારા આ દિવસની

રાજ્યકક્ષાની ઉજવણી **માણસા** ખાતે કરવામાં આવી. ભારત દ્વારા સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં રજૂ કરાયેલા પ્રસ્તાવ બાદ 2015થી દર વર્ષે 21 જૂને યોગ દિવસ ઉજવવામાં આવે છે. 21 જૂન 2026ના રોજ ઉજવાયેલા 12મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસનો મુખ્ય રાષ્ટ્રીય કાર્યક્રમ પશ્ચિમ બંગાળના કોલકાતા શહેરમાં યોજાયો હતો.

- ભારતીય તટરક્ષક દળે (Indian Coast Guard) 12મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી **'યોગ સંગમ 2026'** પહેલ દ્વારા કરી. દેશના વિવિધ દરિયાકાંઠા વિસ્તારો અને તટરક્ષક સ્ટેશનો પર યોગ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું. આ પહેલનો હેતુ સૈનિકો અને નાગરિકોમાં સ્વાસ્થ્ય અને ફિટનેસ પ્રત્યે જાગૃતિ લાવવાનો હતો.

- આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે તમિલનાડુ-પૂડુચેરી બોર્ડર પર વસેલા ઓલોવિલ શહેરમાં રહેતા 60 દેશના નાગરિકોએ એક સાથે યોગ કર્યા. અહીં આવેલા માતૃમંદિર ખાતે લોકો દ્વારા ધ્યાન, યોગ અને આધ્યાત્મિક સાધનાઓ કરવામાં આવી. આ શહેરની સૌથી મોટી ખાસિયત એ છે કે અહીં તમામ લોકો કોઈપણ ભેદભાવ વિના એક ગ્લોબલ ફેમિલીની જેમ આત્મનિર્ભર અને શાંતિપૂર્ણ જીવન જીવે છે. વર્તમાનમાં અહીં 3,300થી વધુ લોકો રહે છે. જેઓ મુખ્યત્વે જૈવિક ખેતી અને સૌર ઊર્જા સાથે જોડાયેલાં કાર્યો કરે છે. વિદેશી નાગરિકોમાં સૌથી વધુ 400થી વધારે ફ્રાન્સના નાગરિકો અહીં વસવાટ કરી રહ્યા છે.

- **કેદારનાથને** સ્વચ્છ અને કચરા મુક્ત રાખવા માટે ચાલી રહેલા **'કેરી મી બેક'** અભિયાનની અસર હવે દેખાવા લાગી છે. આ અભિયાન અંતર્ગત અત્યાર સુધીમાં આશરે **2 ટન** જેટલો પ્લાસ્ટિક વગેરે કચરો ધામ ક્ષેત્રમાંથી પાછો નીચે લાવવામાં આવ્યો છે. આ અભિયાન જિલ્લા પ્રશાસન, નગર પંચાયત કેદારનાથ, હીલિંગ હિમાલયાસ ફાઉન્ડેશન અને સુલભઇન્ટરનેશનલ દ્વારા સંયુક્ત રીતે ચલાવાઇ રહ્યું છે.

- ઓસ્ટ્રેલિયાના કેનબરામાં રહેતા **જોસેફ મેકગ્રેલ બેટઅપે** એક અનોખો વિશ્વ રેકોર્ડ પોતાના નામે કર્યો છે. તેમણે **122.4 ડેસિબલ** જેટલી પ્રચંડ તીવ્રતા ધરાવતી જોરદાર ચીસ પાડીને ગિનીસ વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો છે. વ્યવસાયની વાત કરીએ તો, જોસેફ કેનબરા વિસ્તારના સત્તાવાર **'ટાઉન ક્રાયર'** (એટલે કે જૂના જમાનાની જેમ જાહેરમાં બૂમો પાડીને ઢંઢેરો પીટવાવાળા) તરીકે સેવા આપે છે. આ પદના કારણે જ તેમની બૂમ પાડવાની ક્ષમતા બાળપણથી જ ખૂબ જ અદભૂત રહી છે.

- વિશ્વનો સૌથી વૃદ્ધ જીવિત ભૂમિ કાચબો **જોનાથન** હાલમાં અંદાજે 194 વર્ષનો છે. **સેશેલ્સ જાયન્ટ ટોર્ટોઇઝ (Seychelles Giant Tortoise)** પ્રજાતિના આ કાચબાનો જન્મ ઇ.સ. 1832માં થયેલો હોવાનું માનવામાં આવે છે. આ કાચબો હાલમાં દક્ષિણ એટલાન્ટિક મહાસાગરમાં આવેલા **સેન્ટ હેલેના** ટાપુ પર રહે છે. તેને ઇ.સ. 1882માં સેશેલ્સમાંથી સેન્ટ હેલેના ટાપુ પર લાવવામાં આવ્યો હતો. તે ત્યાંના ગવર્નર હાઉસના પરિસરમાં રહે છે અને અનેક પેઢીઓ તથા બ્રિટિશ રાજાશાહીનો ઇતિહાસ જોઈ ચૂક્યો છે. ગિનેસ વર્લ્ડ રેકોર્ડ્સ અનુસાર, જોનાથન વિશ્વનું સૌથી વૃદ્ધ જીવિત ભૂમિ પ્રાણી (Oldest Living Land Animal) છે.

સરકારી નોકરીની તૈયારી માટે
76000 51070
Crack GPSC easily with...
CRACK GPSC

## 22 જૂન

- ભારત વન ક્ષેત્ર વધારવામાં **ચીન અને ઓસ્ટ્રેલિયા** બાદ વિશ્વમાં **ત્રીજા** સ્થાન પર આવ્યું છે. ભારત **પાંચમો સૌથી મોટો કાર્બન સિન્ક દેશ** છે. આપણાં જંગલ વચ્ચે 15 કરોડ ટન કાર્બન શોષી રહ્યાં છે. વિશ્વના સૌથી સમૃદ્ધ જૈવ વિવિધતા ધરાવતા 17 દેશોમાં ભારતનો સમાવેશ થાય છે. પશ્ચિમ ઘાટ વિશ્વના આઠ સૌથી મહત્વપૂર્ણ જૈવ વિવિધતા ધરાવતા હોટસ્પોટમાં પણ સામેલ થયું છે. ઈન્ડિયા સ્ટેટ ઓફ ફોરેસ્ટ રિપોર્ટ (ISFR) મુજબ, સમગ્ર ભારતમાં કુલ વન અને વૃક્ષ આવરણ (Forest and Tree Cover) માં 1,445 વર્ગ કિલોમીટરનો વધારો નોંધાયો છે, આ વધારા સાથે દેશનું કુલ વન અને વૃક્ષ આવરણ 8,27,357 વર્ગ કિલોમીટર (દેશના કુલ ભૌગોલિક ક્ષેત્રફળના 25.17%) થઈ ગયું છે.

- કેન્દ્ર સરકારે **પ્રધાનમંત્રી વિકસિત ભારત રોજગાર યોજના (PM-VBRY)** અંતર્ગત રોજગાર વધારવા માટે મહત્વપૂર્ણ પ્રોત્સાહન જાહેર કર્યું છે. યોજના મુજબ કોઈપણ સંસ્થા નવા કર્મચારીઓની ભરતી કરશે તો પ્રતિ વધારાના કર્મચારી દીઠ મહત્તમ **₹3,000 પ્રતિ મહિનો** પ્રોત્સાહક સહાય મેળવી શકશે. આ પગલાથી ખાનગી ક્ષેત્રમાં રોજગારી વધારવાનો અને યુવાનોને વધુ નોકરીની તકો ઉપલબ્ધ કરાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

- ભારતના યુવા નિશાનબાજ **સમેર ગુલિયાએ** જર્મનીના સુહલ (Suhl) શહેરમાં યોજાયેલી ISSF વર્લ્ડ જુનિયર ચેમ્પિયનશિપમાં પુરુષોની 25 મીટર રેપિડ ફાયર પિસ્ટલ સ્પર્ધામાં સુવર્ણપદક જીત્યો. ભારતની શૂટિંગ પરંપરાને આગળ વધારતી આ સિદ્ધિ ભવિષ્યના ઓલિમ્પિક્સ અને આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓ માટે આશાજનક માનવામાં આવે છે. સમેરે પોતાની આ ઐતિહાસિક સિદ્ધિ તેના સ્વર્ગસ્થ કોચ અને માર્ગદર્શક **જસપાલ રાણાને** અર્પણ કરી છે, જેમણે તેની કારકિર્દી ઘડવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. સમીરની માતા અનિતા દેવીએ પણ પુત્રના સ્વપ્નને સાકાર કરવા માટે પોતાની શૂટિંગ કારકિર્દી છોડી દીધી હતી.

- ચીનના ગુયાંગમાં યોજાયેલ વર્લ્ડ બોક્સિંગ કપ સ્ટેજ 2માં ભારતની મહિલા બોક્સર **જ્યોતિ ગુલિયાએ** વર્લ્ડ 48 કિલોગ્રામ વર્ગમાં સ્વર્ણપદક જીત્યો. આ ટૂર્નામેન્ટમાં ભારતને આ એક જ ગોલ્ડ મેડલ મળ્યો હતો. ઉપરાંત, આ ટૂર્નામેન્ટમાં ભારતે 3 સિલ્વર અને 2 બ્રોન્ઝ મેડલ મેળવ્યાં છે.

- સ્વિટ્ઝર્લેન્ડમાં આયોજિત **લેક લ્યુસર્ન શિખર સંમેલનમાં** અમેરિકા અને ઈરાન વચ્ચે લાંબા સમય બાદ મહત્વપૂર્ણ રાજદ્વારી ચર્ચા યોજાઈ.

- **ભારતીય મહિલા હોકી ટીમે** ન્યૂઝીલેન્ડના ઑકલેન્ડમાં યોજાયેલા FIH મહિલા નેશન્સ કપ 2026ની ફાઇનલમાં ન્યૂઝીલેન્ડને 2-0થી હરાવી ખિતાબ જીત્યો. આ સાથે ભારતે આગામી સીઝનની પ્રતિષ્ઠિત FIH પ્રો લીગ માટે પણ ક્વોલિફિકેશન મેળવી લીધું. આ ભારતનો બીજો FIH મહિલા નેશન્સ કપ ખિતાબ છે.

- વિશ્વ ટીમ સ્નૂકર ચેમ્પિયનશિપમાં ચીન વિજેતા અને ભારત ઉપવિજેતા રહ્યું.

- ભારતીય વરિષ્ઠ IAS અધિકારી **વિવેક અગ્રવાલને** Financial Action Task Force (FATF)ના ઉપાધ્યક્ષ તરીકે 2026-27ના કાર્યકાળ માટે ચૂંટવામાં આવ્યા છે. જે ભારત માટે એક મહત્વપૂર્ણ રાજદ્વારી સિદ્ધિ માનવામાં આવે છે. આ પ્રતિષ્ઠિત પદ પર કોઈ ભારતીયની પસંદગી પ્રથમ વખત થઈ છે. તેઓ હાલમાં સંસ્કૃતિ મંત્રાલયમાં સચિવ તરીકે કાર્યરત છે અને અગાઉ FATF સમક્ષ ભારતીય પ્રતિનિધિમંડળનું

નેતૃત્વ પણ કરી ચૂક્યા છે. વિશ્વભરમાં મની લોન્ડરિંગ, આતંકવાદી નાણાંકીય સહાય અને ગેરકાયદેસર નાણાકીય પ્રવૃત્તિઓ સામે લડતી અગ્રણી સંસ્થા છે. ભારત માટે આ નિમણૂક વૈશ્વિક નાણાકીય નીતિ નિર્માણમાં વધતી ભૂમિકાનું પ્રતીક માનવામાં આવે છે. FATFની સ્થાપના ઇ.સ. 1989માં થઇ હતી. તેનું મુખ્યાલય પેરિસ (ફ્રાન્સ)માં છે.

- કેન્દ્રીય ગૃહમંત્રી **અમિત શાહે** 26મી ઓલ ઇન્ડિયા ફિંગરપ્રિન્ટ કોન્ફરન્સ-2026 દરમિયાન ઝડપી ફિંગરપ્રિન્ટ આધારિત ગુનાહિત ચકાસણી માટે **'અભિગ્યાન'** મોબાઇલ એપ લોન્ચ કરી. આ એપ પોલીસને માત્ર સ્માર્ટફોન દ્વારા ફિંગરપ્રિન્ટ સ્કેન કરીને કોઇપણ વ્યક્તિની ઓળખ સેકન્ડોમાં કરવાની સગવડ આપે છે. આ પ્રક્રિયા લગભગ **35 સેકન્ડમાં** પૂર્ણ થાય છે. આ એપ NCRB (National Crime Records Bureau)ના વિશાળ ફિંગરપ્રિન્ટ ડેટાબેઝ સાથે જોડાયેલી છે, જેમાં કરોડો ફિંગરપ્રિન્ટ્સ સંગ્રહિત છે. ABHIGYAN એપને National Automated Fingerprint Identification System (NAFIS) સાથે જોડવામાં આવી છે.

**અન્ય ડિજિટલ પહેલ**

✓ e-Prosecution 2.0 દ્વારા પોલીસ અને સરકારી વકીલો વચ્ચે વધુ સારું સંકલન શક્ય બનશે.

✓ e-Forensics 2.0 ફોરેન્સિક રિપોર્ટ્સના ડિજિટલ સંચાલનને સરળ બનાવશે.

✓ CrPI અને NCRB-અભિયાન દેશભરના ગુનાહિત ડેટાના સંકલન અને વિશ્લેષણમાં મદદરૂપ થશે.

- 22 જૂન વિશ્વ ઊંટ દિવસ. વિશ્વ ઊંટ 17 વર્ષ સુધી સરેરાશ જીવન ગાળે છે. યુનાઇટેડ નેશન્સ દ્વારા વર્ષ 2024ને આંતરરાષ્ટ્રીય ઊંટ વર્ષ તરીકે જાહેર કરવામાં આવ્યું હતું. આ દિવસ નિમિત્તે ગુજરાત માટે ગૌરવની વાત એ છે કે વિશ્વમાં અનોખી ઓળખ ધરાવતું ખારાઈ ઊંટ માત્ર ગુજરાતના કચ્છ અને સૌરાષ્ટ્રના દરિયાકાંઠાના વિસ્તારોમાં જોવા મળે છે. દરિયાના પાણીમાં તરીને મેન્ગ્રુવના જંગલોમાં ચરવા જતું આ ઊંટ વિશ્વમાં પોતાની જાતનું એકમાત્ર ઊંટ ગણાય છે. ગુજરાતમાં મુખ્યત્વે **કચ્છી અને ખારાઈ** એમ બે વિશિષ્ટ ઊંટ જાતિઓ જોવા મળે છે. તેમાં ખારાઈ ઊંટ સૌથી અનોખું માનવામાં આવે છે. **ખારાઈ ઊંટને** ICAR દ્વારા વિશિષ્ટ જાતિ તરીકે માન્યતા આપવામાં આવી. પર્યાવરણવિદો માને છે કે જો મેન્ગ્રુવ વિસ્તારનું સંરક્ષણ નહીં થાય તો ખારાઈ ઊંટના અસ્તિત્વ સામે પણ ગંભીર પડકાર ઊભો થઇ શકે છે.

- **જિયો પ્લેટફોર્મ્સ લિમિટેડે** પોતાના સંભવિત IPO માટે **Draft Red Herring Prospectus (DRHP)** દાખલ કર્યો છે. બજાર નિષ્ણાતોનું માનવું છે કે આ IPO ભારતના ઇતિહાસમાં સૌથી મોટો IPO બની શકે છે. જિયો પ્લેટફોર્મ્સ રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝનો ડિજિટલ વિભાગ છે, જે ટેલિકોમ, 5G, AI, ક્લાઉડ સર્વિસ અને ડિજિટલ ટેક્નોલોજી ક્ષેત્રે કાર્યરત છે. IPO દ્વારા કંપની મોટા પ્રમાણમાં મૂડી ઊભી કરીને આગામી ડિજિટલ વિસ્તરણ માટે ઉપયોગ કરશે.

- બિહાર સરકારે રાજ્યના બહાર રોજગાર માટે જતા લાખો પ્રવાસી શ્રમિકોની માહિતી એકત્રિત કરવા માટે **'બિહાર પ્રવાસી કામગાર એપ'** લોન્ચ કરી છે. આ એપ દ્વારા શ્રમિકોનું ઓનલાઇન રજિસ્ટ્રેશન થશે અને સરકારને તેમના સ્થાન, કૌશલ્ય અને રોજગારની માહિતી પ્રાપ્ત થશે. ભવિષ્યમાં આપત્તિ, કુદરતી સંકટ અથવા રોજગાર સહાય દરમિયાન આવા શ્રમિકો સુધી સરળતાથી પહોંચવામાં મદદ મળશે. ઉપરાંત સરકારી યોજનાઓના લાભો સીધા શ્રમિકો સુધી પહોંચાડવાનું પણ સરળ બનશે.

- કોલકાતામાં યોજાયેલા વિશેષ સમારોહ દરમિયાન **INS દૂનાગિરી, INS સંશોધક અને INS અગ્રયને** ભારતીય નૌકાદળમાં સામેલ કરવામાં આવ્યાં. આ ત્રણેય જહાજો ભારતની સમુદ્રી સુરક્ષા અને આત્મનિર્ભર સંરક્ષણ ક્ષમતાને મજબૂત બનાવશે. INS દૂનાગિરી એ પ્રોજેક્ટ-17A હેઠળ વિકસિત અધતન સ્ટેલ્થ ફ્રિગેટ છે. INS સંશોધક આધુનિક સર્વેક્ષણ જહાજ છે, જ્યારે INS અગ્રય દરિયાઇ કામગીરી અને વ્યૂહાત્મક મિશનો માટે ઉપયોગી જહાજ છે. આ જહાજોની સામેલાતીથી ભારતીય નૌકાદળની ઇન્ડો-પેસિફિક ક્ષેત્રમાં કામગીરીની ક્ષમતા વધશે.આ ત્રણેય જહાજો ભારતીય નૌકાદળની સ્વદેશી ક્ષમતાનું પ્રતીક છે.

- કેન્દ્ર સરકારે તુષાર મહેતાને આગામી ત્રણ વર્ષ માટે ભારતના સોલિસિટર જનરલ તરીકે પુનઃનિયુક્ત કર્યા છે. સોલિસિટર જનરલ ભારત સરકારના બીજા સૌથી વરિષ્ઠ કાનૂની અધિકારી હોય છે અને એટર્ની જનરલ પછીનું મહત્વપૂર્ણ સ્થાન ધરાવે છે. તેમની નિમણૂક કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવે છે. સોલિસિટર જનરલ બંધારણીય પદ નથી.

- ભારતના યુવા ક્રિકેટર વૈભવ સૂર્યવંશીએ માત્ર 11 બોલમાં અર્ધશતક ફટકારીને લિસ્ટ-A ક્રિકેટના ઇતિહાસમાં સૌથી ઝડપી અર્ધશતકનો વિશ્વ રેકોર્ડ બનાવ્યો છે. લિસ્ટ-A ક્રિકેટ એ 50 ઓવરની સીમિત ઓવરની સ્પર્ધાઓ માટે વપરાતું આંતરરાષ્ટ્રીય માન્યતા પ્રાપ્ત ફોર્મેટ છે. List-A ક્રિકેટ 50 ઓવરની મેચો માટે વપરાય છે.

## <u>23 જૂન</u>

- **મેકેદાતુ (Mekedatu) જળાશય યોજના** ફરી ચર્ચામાં છે. આ યોજના કર્ણાટકમાં **કાવેરી નદી** પર પ્રસ્તાવિત એક મહત્વપૂર્ણ પ્રોજેક્ટ છે. આ યોજનાનો હેતુ બેંગલુરુ સહિતના વિસ્તારોને પીવાનું પાણી પૂરું પાડવાનો અને વીજ ઉત્પાદન વધારવાનો છે. પરંતુ તમિલનાડુએ આ યોજનાનો વિરોધ કર્યો છે કારણ કે તેને કાવેરી જળ વહેંચણી પર અસર થવાની ભીતિ છે. આ કારણે મેકેદાતુ યોજના આંતરરાજ્ય જળ વિવાદ સાથે જોડાયેલી મહત્વપૂર્ણ વર્તમાન ઘટના બની છે.

- બ્રિટનના વડાપ્રધાન **કીર સ્ટારમરે** રાજીનામું આપ્યું. સ્ટારમર 10 વર્ષમાં સમય કરતાં પહેલાં રાજીનામું આપનારા **છઠ્ઠા** પીએમ છે. તેઓ બે વર્ષ પહેલાં લેબર પાર્ટીને 650માંથી 403 બેઠક પર રેકોર્ડ જીત અપાવીને પીએમ બન્યા હતા.

- ભારતમાં ખાનગી ક્ષેત્ર દ્વારા રોજગારી વધારવા અને આર્થિક ગતિને ઝડપી બનાવવા માટે વર્લ્ડ બેંકે 1.5 અબજ ડૉલર (14,174 કરોડ રૂપિયા)ની આર્થિક મદદને મંજૂરી આપી છે. આ ફંડનો મુખ્ય ઉદ્દેશ્ય આગામી 20 વર્ષમાં વર્કફોર્સમાં સામેલ થનારા 1.1 કરોડ ભારતીય યુવાનો માટે રોજગારીની નવી તકો ઊભી કરવાનો છે. આ કાર્યક્રમ હેઠળ સ્ટાર્ટઅપ્સની મુશ્કેલીઓ ઓછી કરવામાં આવશે, રોકાણની પ્રક્રિયા સરળ બનાવાશે અને મહિલાઓની ભાગીદારી વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરાશે.

- ગુજરાત સરકારે **પૂર્વ અગ્નિવીરોને** રાજ્ય સરકારની વિવિધ વર્ગ-3 સંવર્ગની સીધી ભરતીમાં **20%** અનામત આપવાની જાહેરાત કરી. તેમને ભરતી પ્રક્રિયામાં શારીરિક ક્ષમતા કસોટી (PET)માંથી મુક્તિ તથા નિયત ઉપલી વય મર્યાદામાં 3 વર્ષની વિશેષ છૂટછાટ અપાશે. આનો લાભ હથિયારી પોલીસ સબ-ઇન્સ્પેક્ટર, હથિયારી પોલીસ કોન્સ્ટેબલ, SRPF પ્લાટૂન કમાન્ડર, SRPF પોલીસ કોન્સ્ટેબલ, જેલર ગ્રુપ-2, જેલ સિપાઈ, વનરક્ષક (Forest Guard) વર્ગ-3 અને વનપાલ વર્ગ-3 જેવી ભરતીમાં થશે. સરકારનો

હેતુ અગ્નિપથ યોજના હેઠળ સેવા પૂરી કરનારા યુવાનોને સરકારી નોકરીમાં વધુ તકો આપવાનો ઉપરાંત તેમના અનુભવનો લાભ લેવાનો છે.

- 23 જૂન આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક દિવસ. આ દિવસ રમતગમત અને ફિટનેસને પ્રોત્સાહન આપવા માટે ઉજવવામાં આવે છે. જાન્યુઆરી **1948માં સેન્ટ મેરીટ્ઝના** 42મા અધિવેશનમાં આ દિવસના ઉજવણીના પ્રસ્તાવને મંજૂરી આપવામાં આવી હતી. આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિની સ્થાપના 23 જૂન 1894ના રોજ પેરીસના **સોરબોન** ખાતે કરવામાં આવી હતી. **સર સોરબજી જમશેદજી તાતાને** 1920માં આ સમિતિના પ્રથમ સભ્ય બનવાનું બહુમાન મળ્યું હતું.

- ગુજરાત રાજ્ય ઇન્સ્ટિટ્યુશન ફોર ટ્રાન્સફોર્મેશન (GRIT) અને ભારત સરકારની એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ ફોર મૅડિકલ ડિવાઈસિસ (EPCMD India) દ્વારા સંયુક્ત રીતે **'ગુજરાત ટુ ગ્લોબલ: એમ્પાવરિંગ ધ મેડટેક ઈકોસિસ્ટમ'** પરિષદનું આયોજન કરવામાં આવ્યું. આ પરિષદ મેડિકલ ઉપકરણોના ક્ષેત્રમાં સ્થાનિક ઉત્પાદન ક્ષમતા અને વૈશ્વિક નિકાસ બજારો વચ્ચેના અંતરને દૂર કરવા માટે નીતિ નિર્માતાઓ અને ઉદ્યોગ જગતના અગ્રણીઓને એક મંચ પર લાવશે. આ કાર્યક્રમની અધ્યક્ષતા GRITના સીઈઓ શ્રીમતી એસ. અપર્ણા દ્વારા કરવામાં આવી.

- ભારતીય હોકી ટીમના મેડફિલ્ડર **મનપ્રીત સિંઘે** જર્મની સામે પોતાની 413મી આંતરરાષ્ટ્રીય મેચ રમીને ઇતિહાસ રચ્યો છે. તેઓ ભારતના સૌથી વધુ આંતરરાષ્ટ્રીય મેચ રમનાર હોકી ખેલાડી બન્યા છે. તેમણે પૂર્વ કેપ્ટન દિલીપ તીર્કી નો 712 મેચનો રેકોર્ડ તોડ્યો છે.

- **લદાખના** લેફ્ટનન્ટ ગવર્નર દ્વારા હિમાલયના પર્યાવરણને બચાવવા માટે સમગ્ર પ્રદેશમાં **સિંગલ યુઝ પ્લાસ્ટિકના** વપરાશ પર પ્રતિબંધ મૂક્યો છે. આ નિયમ સામાન્ય નાગરિકો, હોટલો, વેપારીઓ અને રેસ્ટોરન્ટ તમામને લાગુ પડશે. ગવર્નર દ્વારા પ્લાસ્ટિકના કપ, ચમચી, પ્લેટ, સ્ટ્રોં, પ્લાસ્ટિકના ધ્વજ અને થરમોકોલ દ્વારા થતી સજાવટ પર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જાહેરાત કરી છે કે **ઓડિશાના પહાડપુર** ગામને ઝડપથી **'સૂર્યગ્રામ'** તરીકે વિકસાવવામાં આવશે. સૂર્યગ્રામનો અર્થ એવો ગામ જ્યાં વીજળી અને અન્ય ઊર્જા જરૂરિયાતો મુખ્યત્વે સૂર્ય ઊર્જા દ્વારા પૂરી કરવામાં આવે. આ પહેલનો હેતુ સ્વચ્છ ઊર્જાનો ઉપયોગ વધારવો અને કાર્બન ઉત્સર્જન ઘટાડવાનો છે. આ યોજનાના અમલીકરણથી પહાડપુર ગામમાં સ્વચ્છ અને ઈકોફ્રેન્ડલી ઊર્જાનો વ્યાપ વધશે તેમજ ગ્રામજનોને ઊર્જા ક્ષેત્રે આત્મનિર્ભર બનાવવાનો માર્ગ મોકળો થશે.

- ભારતીય મહિલા ક્રિકેટ ટીમની કેપ્ટન **હરમનપ્રીત કૌર** T20 આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં 200 મેચ રમનારી વિશ્વની પ્રથમ ક્રિકેટર બની.

- AFI (એથ્લેટિક્સ ફેડરેશન ઓફ ઇન્ડિયા) દ્વારા ભારતીય દોડવીર **પારુલ ચૌધરીને** વર્ષ 2025ની શ્રેષ્ઠ મહિલા એથ્લીટ જાહેર કરવામાં આવી છે.

- એથ્લેટિક્સ ફેડરેશન ઓફ ઇન્ડિયા (AFI)એ ભારતના સ્ટાર જેવલિન થ્રોઅર **નીરજ ચોપરાને** વર્ષ 2025ના શ્રેષ્ઠ પુરુષ એથ્લીટ તરીકે પસંદ કર્યા છે. એથ્લેટિક્સ ફેડરેશન ઓફ ઇન્ડિયાની સ્થાપના ઇ.સ. 1946માં થઇ હતી.

# 24 જૂન

- ઇંગ્લેન્ડના દિગ્ગજ બેટ્સમેન **જો રૂટ** ટેસ્ટ ક્રિકેટમાં 14,000 રન પૂર્ણ કરનાર વિશ્વના બીજા ક્રિકેટર બન્યા છે. આ સિદ્ધિ અગાઉ માત્ર ભારતના મહાન બેટ્સમેન સચિન તેંડુલકરે હાંસલ કરી હતી. જો રૂટ છેલ્લા એક દાયકાથી ઇંગ્લેન્ડની ટેસ્ટ ટીમના મુખ્ય આધારસ્તંભ રહ્યા છે. તેમની સતત બેટિંગ ક્ષમતાએ તેમને વિશ્વ ક્રિકેટના શ્રેષ્ઠ બેટ્સમેનોમાં સ્થાન અપાવ્યું છે.

- ભારતીય તટરક્ષક દળ (Indian Coast Guard)માં પ્રથમ સ્વદેશી રીતે વિકસિત **હોવરક્રાફ્ટ H-561**નો સમાવેશ કરવામાં આવ્યો છે. હોવરક્રાફ્ટ પાણી અને જમીન બંને સપાટી પર ઝડપી ગતિથી ચાલી શકે છે, જેના કારણે દરિયાકાંઠાની સુરક્ષા, પેટ્રોલિંગ, શોધ-બચાવ કામગીરી અને આપત્તિ વ્યવસ્થાપનમાં તેનો ઉપયોગ ખૂબ જ અસરકારક સાબિત થાય છે. આ સમાવેશ આત્મનિર્ભર ભારત અને સ્વદેશી સંરક્ષણ ઉત્પાદનને પ્રોત્સાહન આપતું મહત્વપૂર્ણ પગલું છે.

- જૂન 2026માં યોજાયેલા 52મા G7 શિખર સંમેલનની યજમાની **ફ્રાન્સે** કરી હતી. આ બેઠકમાં વૈશ્વિક અર્થતંત્ર, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ, ઊર્જા સુરક્ષા, યુક્રેન સંકટ અને આબોહવા પરિવર્તન જેવા મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા થઈ. G7 વિશ્વની અગ્રણી વિકસિત અર્થવ્યવસ્થાઓનો સમૂહ છે. ભારત G7નું સભ્ય નથી, પરંતુ ઘણી વખત વિશેષ આમંત્રિત દેશ તરીકે ભાગ લે છે.

- **નોર્વે** સરકારે પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ દ્વારા ChatGPT અને અન્ય જનરેટિવ AI સાધનોના ઉપયોગ પર લગભગ પ્રતિબંધ સમાન નિયંત્રણો લાદ્યાં.

- BRICS દેશોના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારો (NSA)ની બેઠક **નવી દિલ્હીમાં** યોજાઈ. આ બેઠકની અધ્યક્ષતા ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર **અજિત ડોભાલે** કરી હતી. ભારત વર્ષ 2026 દરમિયાન BRICSનું અધ્યક્ષ પદ સંભાળી રહ્યું છે.

- ચીનના શાંગ્યું ખાતે આયોજિત થયેલ એશિયન રીલે ચેમ્પિયનશિપ 2026માં **ભારતીય મહિલા ટીમે** 4×100 મીટર રીલે રેસમાં સુવર્ણચંદ્રક જીત્યો.

- યુનાઈટેડ કિંગડમના સ્કોટલેન્ડમાં આવેલા એડિનબર્ગના રોયલ કોલેજ ઓફ સર્જન્સ (Royal College of Surgeons of Edinburgh) ખાતે મહર્ષિ **સુશ્રુતની** 90 કિલોગ્રામ વજન ધરાવતી કાંસાની પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું. આ સંસ્થાની સ્થાપના વર્ષ 1505માં થઈ હતી અને તે વિશ્વની સૌથી જૂની સર્જિકલ સંસ્થાઓમાંની એક છે. મહર્ષિ સુશ્રુતને **સર્જરીના પિતા** તરીકે ઓળખવામાં આવે છે. આ પ્રતિમાનું નિર્માણ તમિલનાડુના તિરુવન્નામલાઈના કલાકાર દ્વારા કરવામાં આવ્યું છે અને યુકેના જાણીતા સર્જન પ્રોફેસર ચંદ્ર ચેરુવું અને તેમના પરિવાર દ્વારા આ મૂર્તિ માટે દાન આપવામાં આવ્યું છે.

- મધ્યપ્રદેશના ખુરસાની **આમલી, ઇન્દોરી માલવી બટાકા, રતલામ ગરાડું** અને **બાલમ કાકડીને GI TAG** આપવામાં આવ્યો. ખુરસાની આમલી એ **આફ્રિકન બાઓબાબ વૃક્ષનું ફળ** છે. આ વૃક્ષ 2000 વર્ષ સુધી જીવિત રહી શકે છે. આ વૃક્ષ આશરે 600 વર્ષ પહેલાં આરબ વેપારીઓ દ્વારા ભારતમાં લાવવામાં આવ્યું હતું. ઇન્દોરી માળવી બટાકા તેમના ઓછા સુગર અને સ્ટાર્ચના પ્રમાણ માટે જાણીતાં છે. રતલામ ગરાડું એ એક પ્રકારનું કંદમૂળ છે.

## 25 જૂન

- મેટાએ વોટ્સએપના નેતૃત્વમાં મોટો ફેરફાર કરતાં **CREDના** સ્થાપક અને મૂળ ગુજરાતી **કુણાલ શાહને** નવા વડા તરીકે નિયુક્ત કરવાની જાહેરાત કરી. હાલના વડા વિલ કેથકાર્ટ સાત વર્ષ બાદ નવી પ્રોડક્ટ ડેવલપમેન્ટની જવાબદારી સંભાળશે.

- **ચિરંથ વિશ્વનાથ** જાપાનના મોતીગી રેસટ્રેક પર રેસ જીતનારા પ્રથમ ભારતીય બન્યા.

- ભારતમાં પ્રથમ વખત સિંધુ કુંભનું આયોજન કેન્દ્રશાસિત પ્રદેશ **લદ્દાખના લેહ શહેરમાં** કરવામાં આવ્યું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ સિંધુ નદીના સાંસ્કૃતિક, ઐતિહાસિક અને આધ્યાત્મિક મહત્વને ઉજાગર કરવાનો તેમજ રાષ્ટ્રીય એકતા અને પર્યટનને પ્રોત્સાહન આપવાનો છે.

- ભારત સરકારે ચીન, યુરોપિયન સંઘ (EU) અને અમેરિકામાંથી આયાત થતા **સલ્ફેનામાઇડ એક્સેલરેટર્સ (Sulfenamide Accelerators)** પર એન્ટી-ડમ્પિંગ ડ્યૂટી લાદવાનો નિર્ણય કર્યો. એન્ટી-ડમ્પિંગ ડ્યૂટીનો હેતુ સ્થાનિક ઉદ્યોગોને અન્યાયી સ્પર્ધાથી બચાવવાનો અને સમાન વેપાર પરિસ્થિતિ જાળવવાનો છે.

- BJPના વરિષ્ઠ નેતા **જ્યોર્જ કુરિયને** કેન્દ્રીય લઘુમતી બાબતો અને મત્સ્યોદ્યોગ રાજ્ય મંત્રી(MoS)ના પદ પરથી રાજીનામું આપ્યું. ભારતીય સંસદીય વ્યવસ્થામાં કેન્દ્રીય મંત્રીમંડળમાં કેબિનેટ મંત્રી, રાજ્યમંત્રી (સ્વતંત્ર હવાલો) અને રાજ્યમંત્રીનો સમાવેશ થાય છે. રાજ્યમંત્રી પોતાના વિભાગના કેબિનેટ મંત્રીને સહાયરૂપ બને છે અથવા સ્વતંત્ર હવાલો હોય તો મંત્રાલયનું સંચાલન કરે છે. રાજીનામા અને નવા મંત્રીની નિમણૂકની પ્રક્રિયા ભારતના રાષ્ટ્રપતિ દ્વારા વડાપ્રધાનની સલાહ અનુસાર કરવામાં આવે છે.

- આર્જેન્ટિનાના સ્ટાર ફૂટબોલર **લિયોનેલ મેસ્સીએ** ફિફા વર્લ્ડ કપના ઇતિહાસમાં સૌથી વધુ ગોલ કરનાર ખેલાડી બનીને નવો કીર્તિમાન સ્થાપ્યો. FIFA-2026માં ઓસ્ટ્રિયા સામેની મેચમાં બે ગોલ નોંધાવતાં મેસ્સીના કુલ વર્લ્ડ કપ ગોલની સંખ્યા 18 પર પહોંચી ગઇ છે. આ પહેલાં જર્મનીના દિગ્ગજ મિરોસ્લાવ ક્લોઝના નામે 16 ગોલનો રેકોર્ડ હતો, જે તેમણે 2014માં સ્થાપ્યો હતો. મેસ્સીનો આ છઠ્ઠો વર્લ્ડ કપ છે. તેઓ વર્લ્ડ કપના ઇતિહાસમાં કિશોરાવસ્થા, 20ના દાયકામાં અને 30ના દાયકામાં ગોલ કરનાર પ્રથમ ખેલાડી પણ બન્યા છે.

- ભારત સરકાર દ્વારા જાહેર કરાયેલા આંકડા મુજબ મે 2026માં દેશના આઠ મુખ્ય કોર ઉદ્યોગો (Eight Core Industries)નો વૃદ્ધિ દર ઘટીને **0.5%** રહ્યો. ભારતમાં આઠ મુખ્ય ઉદ્યોગોનો સૂચકાંક (Index of Eight Core Industries) દર મહિને વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય (Ministry of Commerce and Industry) દ્વારા જાહેર કરવામાં આવે છે.

- ICAR-Central Institute of Brackishwater Aquaculture (CIBA), ચેન્નઈ દ્વારા ભારતમાં પ્રથમ વખત **બ્લૂ સ્વિમર ક્રેબ (Blue Swimmer Crab)**ની વૈજ્ઞાનિક ખેતી (Farming Technology)નું સફળ પ્રદર્શન કરવામાં આવ્યું. બ્લૂ સ્વિમર ક્રેબ એક ઊંચા બજાર મૂલ્ય ધરાવતી સમુદ્રી જીવ પ્રજાતિ છે, જેની આંતરરાષ્ટ્રીય બજારમાં ભારે માંગ છે. નવી ટેક્નોલોજી દ્વારા નિયંત્રિત પરિસ્થિતિમાં તેની ખેતી શક્ય બનશે, જેનાથી માછીમારોની આવકમાં વધારો થશે અને ભારતના સમુદ્રી ખાદ્યપદાર્થોની નિકાસને પણ પ્રોત્સાહન મળશે.

- સંશોધકોએ **રશિયાના બૈકલ તળાવ (Lake Baikal)** નજીક મળેલા પ્રાચીન માનવ અવશેષોના અભ્યાસ દરમિયાન પ્લેગ ફેલાવનાર બેક્ટેરિયા **યર્સિનિયા પેસ્ટિસ (Yersinia pestis)**નો અત્યાર **સુધીનો સૌથી જૂનો જાણીતો સ્ટ્રેન શોધી કાઢ્યો છે.**

  **વધુ જાણો:**

  ✓ યર્સિનિયા પેસ્ટિસ એ જ બેક્ટેરિયા છે, જેના કારણે 5,500 વર્ષ પહેલાં સાઇબેરિયા (રશિયા)ના લેક બૈકલ વિસ્તારમાં **બ્લેક ડેથ (Black Death)** તરીકે ઓળખાતી ભયાનક પ્લેગ મહામારી ફેલાઈ હતી. અભ્યાસ દરમિયાન પ્રાચીન માનવ અવશેષોના દાંત અને હાડકાંમાંથી DNA મેળવવામાં આવ્યું. સંશોધકોને અનેક વ્યક્તિઓમાં **Yersinia pestis** નામના બેક્ટેરિયાનું DNA મળ્યું, જે પ્લેગ રોગ માટે જવાબદાર છે.

  ✓ સંશોધકોના મતે, પ્લેગનો પ્રારંભિક ફેલાવો સંભવતઃ **માર્મોટ (Marmot)** નામના જંગલી પ્રાણીમાંથી માનવોમાં થયો હતો. ત્યારબાદ તે માનવ સમુદાયોમાં ફેલાયો.

  ✓ નવા સંશોધનથી વૈજ્ઞાનિકોને હજારો વર્ષ પહેલાં રોગ કેવી રીતે વિકસ્યો અને માનવ સમાજમાં કેવી રીતે ફેલાયો તેની વધુ સારી સમજ મળશે.

  ✓ આ સંશોધન માનવ ઉત્ક્રાંતિ, પ્રાચીન DNA અને ચેપી રોગોના ઇતિહાસના અભ્યાસ માટે ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવે છે.

- ગુજરાત સ્ટેટ કબડ્ડી એસોસિએશન દ્વારા આગામી સપ્ટેમ્બરમાં ગુજરાત કબડ્ડી લીગ (GKL)નું આયોજન કરાશે. જેમાં અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ગાંધીનગર, ભાવનગર, જામનગર અને કચ્છની કુલ આઠ ટીમ શહેર આધારિત ફ્રેન્ચાઇઝી ટીમ્સ ભાગ લેશે.

- 25 જૂન બંધારણ હત્યા દિવસ. ભારત સરકારના ગૃહ વિભાગ દ્વારા વર્ષ **2024માં** આ દિવસની જાહેરાત કરવામાં આવી હતી. વર્ષ **1975માં** તત્કાલીન વડાપ્રધાન **ઇન્દિરા ગાંધી** દ્વારા દેશમાં લાદવામાં આવેલ કટોકટીના કારણે લોકોએ ભોગવેલી યાતનાઓને યાદ કરવા આ દિવસ જાહેર કરવામાં આવ્યો હતો. આ કટોકટી સતત **21 મહિના (1977 દિવસ)** સુધી ચાલી હતી. કટોકટીના સમય દરમિયાન નાગરિકોના તમામ મૂળભૂત અધિકારો છીનવી લેવામાં આવે છે. પરંતુ, અનુચ્છેદ 21 આ કટોકટી દરમિયાન પણ અમલમાં રહે છે.

- 25 જૂનના નાવિક દિવસ ઉજવવામાં આવે છે. ઇન્ટરનેશનલ મેરીટાઇમ ઓર્ગેનાઇઝેશન દ્વારા 2011માં આ દિવસ ઉજવણીની શરૂઆત કરવામાં આવી હતી.

- ગુજરાતમાં શાળા પ્રવેશ ઉત્સવ દરમિયાન શિક્ષણ ક્ષેત્રે વેસ્ટમાંથી બેસ્ટ બનાવતી એક પહેલ જોવા મળી. ગુજરાત એસટીની ભંગાર થઈ ગયેલી બસને આધુનિક અને સ્માર્ટ ક્લાસરૂમમાં બદલવામાં આવે છે જેને '**રણ શાળા**' નામ આપવામાં આવ્યું છે. આ બસમાં સોલાર એનર્જીનો ઉપયોગ કરીને 20થી વધુ બાળકો માટે ભણવાની ઉત્તમ સુવિધા ઉભી કરવામાં આવી છે. આ 28 રણ શાળા ગાંધીનગરથી સુરેન્દ્રનગર, પાટણ, કચ્છ અને મોરબી જિલ્લાના અગરિયા વિસ્તારો માટે પ્રયાણ કરશે.

- ભારતની અધ્યક્ષતામાં બેંગલુરુ ખાતે BRICS હેડ્સ ઓફ સ્પેસ એજન્સીઝ' (HOSA)ની બેઠક યોજાઈ. આ બેઠકમાં સભ્ય દેશોના વડાઓ અને વરિષ્ઠ પ્રતિનિધિઓએ ભાગ લીધો. બેઠકમાં અવકાશની

કાટમાળ મુક્ત મિશનો અને બ્રિક્સ સ્પેસ કાઉન્સિલની સ્થાપના કરવા મહત્વના વિષય ઉપર ચર્ચા કરવામાં આવી.

- પશ્ચિમ ઓસ્ટ્રેલિયાના **પિલબારા પ્રદેશમાં** સૌથી જૂનો ઉલ્કા ખાડો શોધી કાઢ્યો છે. **નોર્થ પોલ ડોમ** નામનો આ ખાડો 3.024 અબજ વર્ષ જૂનો છે. ઝિર્કોન અને એપેટાઇટ ખનિજોનો ઉપયોગ કરીને તેની ઉંમર નક્કી કરી હતી.

- પંચાયતી રાજ મંત્રાલયે નિર્ભયા ફંડ પ્રોજેક્ટ હેઠળ નવી દિલ્હીમાં **'નિર્ભય ચેતના'** પર ત્રણ દિવસીય ટ્રેનિંગ ઓફ ટ્રેનર્સ (ToT) કાર્યક્રમનું આયોજન કર્યું.

**વધુ જાણો:**

✓ વિશ્વમાં ક્યાંય પણ આ પ્રકારની સૌથી મોટી ઝુંબેશ તરીકે ઓળખાતી 'નિર્ભય ચેતના' એ મહિલાઓની સુરક્ષા અને સલામતી સહિત મહિલા સંબંધિત મુદ્દાઓ પ્રત્યે પુરુષોને સંવેદનશીલ બનાવવા માટેની એક સીમાચિહ્નરૂપ રાષ્ટ્રીય પહેલ છે જેનો ઉદ્દેશ્ય પાયાના સ્તરે જેન્ડર-રિસ્પોન્સિવ (લિંગ-ઉત્તરદાયી) શાસનને મજબૂત કરવાનો છે.

✓ આ અભિયાનને **વિશ્વનું સૌથી મોટું પુરુષ સંવેદનશીલતા (Male Sensitization) અભિયાન** માનવામાં આવે છે. આ અભિયાન હેઠળ ગ્રામ પંચાયતો, સ્થાનિક સંસ્થાઓ, સ્વયંસેવક જૂથો અને મહિલા સંગઠનોના સહયોગથી સુરક્ષા અંગે જાગૃતિ કાર્યક્રમો, તાલીમ, કાનૂની માહિતી અને સામાજિક અભિયાનો યોજવામાં આવશે.

✓ મહિલાઓ સામેના ગુનાઓને રોકવા અને સુરક્ષિત ગ્રામ્ય સમાજના નિર્માણ માટે આ પહેલ મહત્વપૂર્ણ માનવામાં આવે છે.

✓ આ અભિયાન ગ્રામ્ય શાસનને વધુ જવાબદાર બનાવવાની સાથે મહિલા સશક્તિકરણ અને સામાજિક ન્યાયના લક્ષ્યોને પણ મજબૂત બનાવશે.

✓ 'નિર્ભય ચેતના' એ માર્ચ 2026માં શરૂ કરાયેલી Nirbhay Raho Initiative પહેલનો મહત્વપૂર્ણ ભાગ છે. આ પહેલના અન્ય બે ઘટકો છે:

✓ Nirbhay Netri – ચૂંટાયેલી મહિલા પ્રતિનિધિઓ માટે ક્ષમતા નિર્માણ અને કાનૂની જાગૃતિ.

✓ Nirbhay Drishti – ગ્રામ્ય વિસ્તારોમાં CCTV જેવી સુરક્ષા સુવિધાઓનું મજબૂતીકરણ.

- **શ્રીલંકાએ** ચૂંટણીમાં **અમીટ શાહીનો** ઉપયોગ બંધ કરવાનો નિર્ણય લીધો છે. સરકાર કહે છે કે ઓળખ કાર્ડ મતદારોને ઓળખે છે. આનાથી સમય અને ખર્ચ બંને બચશે. આ માટે ચૂંટણી કાયદામાં ફેરફારોની જરૂર પડશે. આગામી રાષ્ટ્રપતિની ચૂંટણી 2029માં યોજાશે.

- ઉતરાખંડના પીથોરાગઢ જિલ્લામાં આવેલ **લીપુલેખ** પાસથી ભારત અને ચીન વચ્ચેનો સરહદ વેપાર 6 વર્ષ બાદ ફરીથી શરુ થશે. આ માર્ગ 2020માં કોવીડ 19 મહામારીના કારણે બંધ કરવામાં આવ્યો હતો. આ સુવિધાથી સરહદી વિસ્તારોમાં વેપાર વધવાની અને સ્થાનિક લોકોને આર્થિક લાભ મળવાની આશા છે.

- મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ દ્વારા 24મા શાળા પ્રવેશોત્સવનો પ્રારંભ વડનગરની બી. એન. હાઇસ્કુલથી કરાવ્યો.

- દેશભરમાં NEET-UG પરીક્ષાના પેપર લીક થવાના કારણે સર્જાયેલા વિવાદ વચ્ચે ભારતીય રાષ્ટ્રીય કોન્ગ્રેસ્સ દ્વારા રાષ્ટ્રવ્યાપી 40 દિવસીય **'છાત્રો કી ગૂંજ'** અભિયાન શરુ કર્યું.

- NCERT દ્વારા ધોરણ 9ના સામાજિક વિજ્ઞાનના પુસ્તકમાં 'અંડરસ્ટેન્ડિંગ સોસાયટી: ઇન્ડિયા એન્ડ બિયોન્ડ'માં કટોકટી પર એક ટોપિક ઉમેર્યો. NCERTએ કટોકટીને ભારતના લોકશાહી સામે સૌથી મોટો પડકાર ગણાવ્યો.

- હિમાચલ પ્રદેશમાં **આઇઆઇટી મંડીએ** અત્યાધુનિક સી-3 ડીઆર સેન્ટર એટલે કે સેન્ટર ફોર ક્લાઈમેટ ચેન્જ એન્ડ ડિઝાસ્ટર મેનેજમેન્ટ બનાવ્યું છે. હવે આ સેન્ટરમાં ભૂકંપ જેવી વિનાશક આફતનો સામનો કરવા અને ઈમારતોને સુરક્ષિત રાખવા માટે 3ડી પેન્ડુલમ બનાવાઇ રહ્યો છે. આ તકનીક જાપાન જેવા દેશોમાં ઉપયોગમાં લેવામાં આવે છે.

- કેન્દ્ર સરકારે વર્ષ 2026 દરમિયાન અલ નીનો (El Niño)ની સંભવિત અસરને ધ્યાનમાં રાખીને **12 રાજ્યોના 111 જિલ્લાઓને** પાક નુકસાનના ઉચ્ચ જોખમવાળા વિસ્તારો તરીકે ઓળખાવ્યા છે. **અલ નીનો** એ પ્રશાંત મહાસાગરના મધ્ય અને પૂર્વીય ભાગમાં સમુદ્રની સપાટીનું તાપમાન અસામાન્ય રીતે વધવાની આબોહવાની ઘટના છે. ભારતમાં અલ નીનોના કારણે સામાન્ય રીતે ચોમાસું નબળું રહેવાની શક્યતા વધી જાય છે, જેના કારણે કૃષિ ઉત્પાદન પર નકારાત્મક અસર પડે છે. સરકારે આવા જિલ્લાઓમાં પાક વીમા, હવામાન આધારિત સલાહ, પાણી સંરક્ષણ અને વૈકલ્પિક પાક વ્યવસ્થાપન પર વિશેષ ધ્યાન આપવા સૂચના આપી છે.

- કેન્દ્ર સરકારે **Foreign Contribution (Regulation) Act – FCRA** સંબંધિત સુધારેલી માર્ગદર્શિકા જાહેર કરી છે. નવા નિયમો મુજબ વિદેશી ભંડોળ (Foreign Contribution)માંથી વહીવટી ખર્ચ (Administrative Expenses) માટે વધુમાં વધુ **20%** રકમ જ ખર્ચી શકાશે. આ નિયમનો હેતુ એ સુનિશ્ચિત કરવાનો છે કે વિદેશી ભંડોળનો મોટાભાગનો ઉપયોગ જે હેતુ માટે અનુદાન મળ્યું હોય તે જ કાર્ય માટે થાય. NGO અને અન્ય સંસ્થાઓ માટે આ નિયમોનું પાલન ફરજિયાત રહેશે. FCRA દ્વારા દેશમાં વિદેશી ભંડોળના ઉપયોગમાં પારદર્શિતા અને જવાબદારી સુનિશ્ચિત કરવામાં આવે છે**.** FCRA પ્રથમ વખત 1976માં અમલમાં આવ્યો હતો. FCRAનું સંચાલન ગૃહ મંત્રાલય કરે છે.

- તાજેતરની TOP500 સુપર કમ્પ્યૂટર મુજબ ચીનનું **LineShine** સુપરકમ્પ્યુટર વિશ્વનું સૌથી ઝડપી સુપર કમ્પ્યૂટર જાહેર થયું છે. સુપર કમ્પ્યૂટરનો ઉપયોગ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ, હવામાન અનુમાન, પરમાણુ સંશોધન, અવકાશ વિજ્ઞાન, દવા સંશોધન અને ઉચ્ચ સ્તરીય વૈજ્ઞાનિક ગણતરી માટે થાય છે.

## 27 જૂન

- ચૂંટણી પંચના વિશેષ ગહન પુનરીક્ષણ (SIR) અભિયાનને એક વર્ષ પૂરું થઇ ગયું છે. દેશભરમાંથી આશરે 6 કરોડ મતદારના નામ મતદાર યાદીમાંથી હટાવાયાં છે. તેની શરૂઆત 24 જૂન 2025ના રોજ બિહારથી થઇ હતી. માર્ચ 2026માં સુપ્રીમે એસઆઇઆરની બંધારણીય માન્યતા જાળવી હતી.

- વેનેઝુએલામાં આવેલા વિનાશક ભૂકંપ માટે રાહત સામગ્રી મોકલવા ભારત સરકારે **'ઓપરેશન અમીસ્તાર'** શરુ કર્યું. અમીસ્તારનો અર્થ સ્પેનીશ ભાષામાં **'દોસ્તી'** થાય છે. એક આંકલન મુજબ 111 અબજ ડોલરની GDP ધરાવતા આ દેશને ભૂકંપના કારણે ખુબ જ મોટુ આર્થિક નુકશાન થયું છે. વેનેઝુએલા દરરોજ 13 લાખ બેરલ ક્રૂડનું ઉત્પાદન કરે છે અને સમગ્ર વિશ્વમાં રિઝર્વ ઓઇલની બાબતમાં તે પ્રથમ સ્થાને છે.

- કેન્દ્ર સરકારે ઈન્ટેલિજન્સ બ્યુરોના સ્પેશિયલ ડિરેક્ટર **મહેશ દીક્ષિતને** નવા આઈબી ચીફ તરીકે બે વર્ષ માટે નિયુક્ત કર્યા છે. તેઓ અગાઉ જમ્મુ-કાશ્મીરના સબસિડિયરી ઇન્ટેલિજન્સ બ્યુરો (એસઆઈબી)ના વડા રહી ચૂક્યા છે.

- બાંગ્લાદેશે ભારતને 2016 માં ફાળવેલો **મંગલા પોર્ટ** ચીનને આપવાનો નિર્ણય કર્યો છે. બેઇજિંગના પ્રવાસે ગયેલા બાંગ્લાદેશના નવા પીએમ **તારિક રહમાને** આ પોર્ટ ચીનને સોંપવાના મુસદ્દા પર હસ્તાક્ષર કર્યા છે. બાંગ્લાદેશના ઇકોનોમિક ઝોન **બાઘેરહાટમાં** 110 એકર જમીન પર મંગલા પોર્ટને ડેવલપ કરવાનો હતો. હવે ચીનનું **સિવિલ એન્જિનિયરિંગ કન્સ્ટ્રક્શન કોર્પોરેશન (સીઇસીસી)** અહીં બાંગ્લાદેશ ઇકોનોમિક ઝોન્સ ઓથોરિટી (બીઈઝેડએ)ની સાથે મળીને કામ કરશે. સીઇસીસી ચીનનું સરકારી કોર્પોરેશન છે. બાંગ્લાદેશની અગાઉની મોહમ્મદ યુનુસની વચગાળાની સરકારે 2025માં મંગલા પોર્ટને લઈ ભારત સાથેના કરારને રદ કરી દીધો હતો. ત્યાર પછીથી જ બાંગ્લાદેશ મંગલા પોર્ટ માટે નવા ભાગીદારની શોધમાં હતું અને હવે ચીનને આપી દીધું છે. મંગલા પોર્ટ ભારતીય સરહદથી અંદાજે 80 કિમીના અંતરે આવેલું છે. અહીં હવે ચીનની હાજરીથી જાસૂસીનો ખતરો પેદા થઈ ગયો છે. ચીન દ્વારા પોર્ટના નામે અહીં જાસૂસી સર્વેલન્સ સિસ્ટમ લગાવવાનો પણ ખતરો છે. મંગલા પોર્ટથી ભારતે દક્ષિણ-પૂર્વના દેશો જેવા કે ઇન્ડોનેશિયા, વિયેતનામ, થાઇલેન્ડ અને કમ્બોડિયામાં વેપાર માટે પ્લાન બનાવ્યો હતો. મંગલાને લઈને ભારત પોતાના કોલકાતા પોર્ટ પર ટ્રાફિક લોડ ઓછો કરવા માગતું હતું. ચીન બીઆરઆઈ (બેલ્ટ એન્ડ રોડ ઈનિશિયેટિવ) હેઠળ બંગાળની ખાડીમાં પોતાનો પગપેસારો વધારી રહ્યું છે. તેનાથી ચીનને હિંદ મહાસાગરથી થઈ આફ્રિકામાં પોતાની પકડ મજબૂત કરવાની તક મળશે. શ્રીલંકામાં પણ ચીન પોતાની હાજરી વધારવાના પ્લાન પર કામ કરશે.

- ભારત સરકારની સેમ્પલ રજિસ્ટ્રેશન સિસ્ટમ (એસઆરએસ) 2024ના તાજેતરમાં જાહેર થયેલા રિપોર્ટ અનુસાર ગુજરાતનો કુલ પ્રજનન દર ઘટીને **1.7** થઈ ગયો છે. જે વસતીને સ્થિર રાખવા માટે જરૂરી **2.1ના** રિપ્લેસમેન્ટ લેવલથી ઘણો નીચો છે અને દેશની સરેરાશ **1.9** કરતાં ઓછો છે. વધતી મોંઘવારી, શિક્ષણ અને સારવારના વધી રહેલા ખર્ચના કારણે નાના પરિવારનો આગ્રહ વધ્યો છે. જો કે નિષ્ણાતો તેને સામાજિક પ્રગતિનો સંકેત માને છે. સાથે ચેતવણી પણ આપે છે કે જો લાંબા સમય સુધી જન્મદર નીચો રહેશે તો ભવિષ્યમાં યુવાનોની સંખ્યા ઘટી શકે છે અને વૃદ્ધોની વસતીમાં ઝડપથી વધારો થતાં અર્થતંત્ર, આરોગ્ય સેવાઓ અને સામાજિક સુરક્ષા પરના દબાણમાં વધારો થઈ શકે છે.

- આયર્લેન્ડે પહેલી ટી-20 મેચમાં વર્લ્ડ ચેમ્પિયન ભારતીય ટીમને 34 રનથી હરાવીને ઇતિહાસ રચ્યો. આ મુકાબલામાં આયર્લેન્ડે ભારતને 183 રનનો પડકારજનક ટાર્ગેટ આપ્યો હતો. લોર્કન ટકરે (50) કેપ્ટન તરીકે સતત ત્રીજી મેચમાં ફિફ્ટી ફટકારી હતી. નવા કેપ્ટન શ્રેયસ ઐયરની આગેવાનીમાં ભારતીય ટીમ માત્ર 148 રન પર ઓલઆઉટ થઈ ગઈ હતી. આ મેચમાં પ્લેયર ઓફ ધ મેચ મેથ્યું હોલાર્ડ અને જય મુંદડાને જાહેર કરવામાં આવ્યા હતા.

- સરકારે બાંગ્લાદેશમાં ભારતના નવનિયુક્ત હાઇ કમિશનર **દિનેશ ત્રિવેદીને** રાષ્ટ્રપતિ પદના ટેબલ પર કેન્દ્રીય કેબિનેટ મંત્રીના સમકક્ષ દરજ્જો આપ્યો છે. આ સન્માન ફક્ત ઔપચારિક અને સૌજન્ય કાર્યો માટે છે. તેનાથી તેમની સત્તાઓ કે જવાબદારીઓમાં કોઈ ફેરફાર થતો નથી. ભૂતપૂર્વ રેલ્વે મંત્રી દિનેશ ત્રિવેદીને ઉત્કૃષ્ટ સંસદ સભ્ય પુરસ્કાર પણ મળ્યો છે.

## 28 જૂન

- કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રી અમિત શાહે **ગાંધીનગરના મહાત્મા મંદિર** ખાતેથી દેશની સર્વપ્રથમ સહકારિતા આધારિત અને ડ્રાઇવરની માલિકીની **રાઈડ હેલિંગ સર્વિસ ભારત ટેક્સીનો** શુભારંભ કરાવ્યો. આ સેવા **'સારથી હી માલિક'** સિદ્ધાંત પર કામ કરે છે અને સંપૂર્ણપણે ઝીરો કમિશન મોડેલ પર આધારિત છે જેનાથી ડ્રાઇવર તેમની સંપૂર્ણ કમાણી પોતાની પાસે રાખી શકશે. ભારત ટેક્સી **IFFCO અને અમૂલના** સહયોગથી વિકસાવવામાં આવી છે.

- શાંઘાઇ કોઓપેરશન ઓર્ગેનાઈઝશન (SCO) વિમેન્સ ફોરમ 2026નું આયોજન **કિર્ગીસ્તાન રિપબ્લિકના બિશ્કેક** ખાતે કરવામાં આવ્યું હતું. આ ફોરમમાં મહિલા નેતૃત્વ, જાતિ સમાનતા અને સામાજિક તેમજ આર્થિક જીવનમાં મહિલાઓની ભાગીદારી વધારવા અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. **કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રી અન્નપૂર્ણા દેવીએ** વિડીયો સંદેશના માધ્યમથી આ ફોરમને સંબોધન કર્યું હતું. જેમાં તેમણે ભારતમાં 9 મિલિયનથી વધુ સ્વસ્થ સહાય જૂથોમાં જોડાયેલી 100 મિલિયન મહિલાઓના નેટવર્કનો ઉલ્લેખ કર્યો હતો.

- કૃષિ ક્ષેત્રમાં એઆઇના ઉપયોગને નવી દિશા આપતાં **ટ્રિપલ આઈઆઈટી નયા રાયપુરના વિદ્યાર્થીઓ અને પ્રોફેસરોએ 'કિસાન-મિત્ર'** નામનો AI ચેટબોટ વિકસાવ્યો છે. આ ચેટબોટ સ્થાનિક ભાષામાં હવામાન, આધુનિક ખેતી પદ્ધતિઓ, પાક વ્યવસ્થાપન અને સરકારી યોજનાઓ અંગે માહિતી આપશે. જનરેટિવ એગ્રીકલ્ચરલ ટ્રાન્સફોર્મર ટેક્નોલોજી પર આધારિત આ ચેટબોટ **12 ભારતીય ભાષાઓમાં** વાતચીત કરી શકે છે તેમજ હિંદી-અંગ્રેજીના મિશ્રિત પ્રશ્નો પણ સમજી શકે છે. ટૂંક સમયમાં તેને મોબાઈલ એપ, વેબ પ્લેટફોર્મ અને ઓછી ઇન્ટરનેટ સુવિધાવાળા વિસ્તારો માટે પણ ઉપલબ્ધ કરાશે.

- **હૈદરાબાદ**માં અમેરિકાના દુતાવાસને અડીને આવેલ રોડનું નામ **'ડોનાલ્ડ ટ્રમ્પ એવન્યુ'** રાખવામાં આવ્યું.

- શૈક્ષણિક વર્ષ 2025-26ની ઇન્ટરનેશનલ ઓલિમ્પિયાડમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન બદલ **રાજકોટની કડવીબાઈ વિરાણી કન્યા વિદ્યાલયને** 'Golden School Award' એનાયત કરાયો છે. આ વૈશ્વિક સ્પર્ધામાં શાળાના કુલ 32 વિદ્યાર્થીએ ઉત્કૃષ્ટ પ્રતિભા દર્શાવી 13 ગોલ્ડ, 11 સિલ્વર અને 08 બ્રોન્ઝ મેડલ જીતીને સંસ્થાનું ગૌરવ વધાર્યું છે. આ ઉપરાંત, શિક્ષણ ક્ષેત્રે શ્રેષ્ઠ નેતૃત્વ અને બહુમૂલ્ય યોગદાન આપવા બદલ શાળાનાં આચાર્યા વર્ષાબેન ડવને 'શ્રેષ્ઠ આચાર્યા એવોર્ડ'થી સન્માનિત કરવામાં આવ્યાં છે.

- દિલ્હી હાઈકોર્ટના જસ્ટિસ **પ્રતિભા એમ. સિંહ** આંતરરાષ્ટ્રીય આઈપી હોલ ઓફ ફ્રેમમાં સમાવેશ થનારાં પ્રથમ ભારતીય ન્યાયાધીશ બન્યાં છે. બૌદ્ધિક સંપદા કાયદામાં તેમના યોગદાન બદલ તેમને સાન ડિએગો, યુએસએમાં સન્માનિત કરવામાં આવ્યાં હતાં. તેઓ હાલમાં વર્લ્ડ ઇન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી ઓર્ગેનાઈઝેશનનાં સલાહકાર બોર્ડ ઓફ જજીસનાં અધ્યક્ષ છે. તેમના કાર્યકાળ દરમિયાન ભારતમાં પેટન્ટ ફાઇલિંગમાં વધારો થયો છે.

- તમિલ ફિલ્મ ઉદ્યોગના અભિનેતા, દિગ્દર્શક અને પટકથા **લેખક કે. ભાગ્યરાજનું** ચેન્નાઈમાં અવસાન થયું. તેઓ **'પટકથાના રાજા'** તરીકે જાણીતા હતા. તેમણે 75થી વધુ ફિલ્મોમાં અભિનય કર્યો અને 25થી વધુ દિગ્દર્શન કર્યું. તેમની ફિલ્મ **'એન્ગા ચિન્ના રાસા'** એ હિંદી સુપરહિટ ફિલ્મ **'બેટા'**ને પ્રેરણા આપી.

- **IIT બોમ્બે ન્યૂ યોર્કમાં** તેનું પ્રથમ વિદેશી સબ-કેમ્પસ ખોલશે. તે સ્ટેટ યુનિવર્સીટી ઓફ ન્યૂયોર્ક ઓલ્ડવેસ્ટબરી સાથે સહયોગથી શરૂ કરાશે. કેમ્પસ એઆઇ, ટકાઉપણું અને સ્વચ્છ ટેકનોલોજી પર ધ્યાન કેન્દ્રિત કરશે. સર્ટિફિકેટ કોર્ષ અને પછીના ડિગ્રી પ્રોગ્રામ્સ 2027માં શરૂ થશે.

- વિશ્વનો પ્રથમ પરમાણુ રિએક્ટર-સંચાલિત હાઇડ્રોજન પ્લાન્ટ તમિલનાડુમાં **ઇન્દિરા ગાંધી સેન્ટર ફોર એટોમિક રિસર્ચ** ખાતે કાર્યરત કરવામાં આવ્યો છે. તે BARCની સ્વદેશી કોપર-ક્લોરિન ટેકનોલોજીનો ઉપયોગ કરશે. આ ટેકનોલોજી નીચા તાપમાને કાર્ય કરે છે અને **સંપૂર્ણપણે કાર્બન-મુક્ત** છે.

- હુરુન ગ્લોબલ યુનિકોર્ન ઇન્ડેક્સ અનુસાર, હવે વિશ્વમાં 1,603 યુનિકોર્ન કંપનીઓ છે, જેનું કુલ મૂલ્યાંકન $8 ટ્રિલિયન છે. ગયા વર્ષે 308 નવાં યુનિકોર્ન બનાવાયાં હતાં, જેમાં એક જ વર્ષમાં 19 સ્ટાર્ટઅપ યુનિકોર્ન બન્યાં હતાં. ભારત 61 યુનિકોર્ન સાથે ચોથા ક્રમે છે. આ વર્ષે, છ ભારતીય યુનિકોર્ન સ્ટોક એક્સચેન્જમાં સૂચિબદ્ધ થયાં હતાં . ભારતીય ઉદ્યોગ સાહસિકોએ વૈશ્વિક સ્તરે 217 યુનિકોર્ન બનાવ્યાં છે.

## 29 જૂન

- જસ્ટિસ **પી એસ નરસિમ્હા** સુપ્રીમ કોર્ટ કોલેજિયમના સભ્ય બનશે. તેઓ 5મા વરિષ્ઠતમ જજ છે અને 2 મે 2028 સુધી કોલેજિયમમાં રહેશે. આ કોલેજિયમ સુપ્રીમ કોર્ટ અને હાઇકોર્ટમાં જજોની નિયુક્તિ અંગે મહત્ત્વના નિર્ણય કરે છે.

- PM **નરેન્દ્ર મોદીએ** સેશેલ્સની સંસદ **'રાષ્ટ્રીય સભા'ને** સંબોધિત કરી. PM મોદી સેશેલ્સની સંસદને સંબોધન કરનાર પ્રથમ ભારતીય વડાપ્રધાન બન્યા છે.

- ભારતમાં ગ્રામીણ વિસ્તારોના સર્વાંગી વિકાસ માટે પ્રથમ વખત **નેશનલ રૂરલ ડેવલપમેન્ટ કોન્ફરન્સ 2026નું** આયોજન કરવામાં આવ્યું. આ પરિષદ મુખ્યત્વે **'વિકસિત ગ્રામ, વિકસિત ભારત'ના** સંકલ્પ પર આધારિત છે. કેન્દ્રીય ગ્રામીણ વિકાસ મંત્રાલય દ્વારા મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના (MGNREGS), પ્રધાનમંત્રી આવાસ યોજના-ગ્રામીણ (PMAY-G) અને દીનદયાળ અંત્યોદય યોજના-રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન (DAY-NRLM) જેવી મોટી યોજનાઓનું સંચાલન કરવામાં આવે છે, જેના અમલીકરણ પર અહીં ચર્ચા કરવામાં આવી.

- જમ્મુ અને કાશ્મીર વહીવટીતંત્રે કાશ્મીરના શાસ્ત્રીય સંગીત સ્વરૂપ **'સુફિયાણા મ્યુઝિક'** (જેને સુફિયાણા મૌસિકી અથવા સુફિયાણા કલામ તરીકે પણ ઓળખવામાં આવે છે)ને યુનેસ્કોની અમૂર્ત સાંસ્કૃતિક વારસા (Intangible Cultural Heritage of Humanity)ની યાદીમાં સામેલ કરવા માટે દરખાસ્ત મોકલી છે. આ પ્રસ્તાવ ઇન્ડિયન નેશનલ ટ્રસ્ટ ફોર આર્ટ એન્ડ કલ્ચરલ હેરિટેજની કાશ્મીર શાખા દ્વારા તૈયાર કરવામાં આવ્યો છે. સુફિયાણા સંગીતમાં **સંતૂર, નેય, હાર્મોનિયમ, રબાબ, તબલા, સિતાર, સાઝ-એ-કાશ્મીર અને સેહતાર** જેવાં પરંપરાગત વાદ્યોનો ઉપયોગ કરવામાં આવે છે. આ સંગીત પદ્ધતિમાં રાગની જેમ **'મકામ'નો** ઉપયોગ થાય છે.

- 29 જૂન: રાષ્ટ્રીય આંકડાકીય દિવસ. થીમ: **Unlocking the Potential of Administrative Data'**. આ પ્રખ્યાત **આંકડાશાસ્ત્રી પ્રશાંતચંદ્ર મહાલનોબિસનો** જન્મદિવસ છે, જેમણે આકડાશાસ્ત્રમાં મહત્ત્વનું યોગદાન આપ્યું છે. જેને ધ્યાનમાં રાખી 2007થી તેમના જન્મદિવસને રાષ્ટ્રીય આંકડા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. મહાલનોબિસે ભારતીય સ્ટેટિસ્ટિક્સ સંસ્થા (ISI)ની સ્થાપના કરી હતી. બીજી પંચવર્ષીય યોજના (1956-61)ને **મહાલનોબિસ મોડેલ** તરીકે પણ ઓળખવામાં આવે છે.

- NASAના **પર્સિવિયરન્સ રોવેરે** તાજેતરમાં **મંગળ ગ્રહના જેઝેરો ક્રેટરમાં** આવેલા બે પથ્થરોમાંથી જટિલ **'મેક્રોમોલેક્યુલર કાર્બન'** શોધી કાઢ્યો છે. આ જેઝેરો ક્રેટરમાં ઓર્ગેનિક પદાર્થોની અત્યાર સુધીની સૌથી મજબૂત શોધ છે. આ કાર્બન જેઝેરો કેટરની અંદર **'બ્રાઈટ એન્જલ'** નામના પથ્થરો વિસ્તારમાંથી મળ્યો છે, જે તેના પર દેખાતા **દીપડા જેવા ડાઘ**' માટે જાણીતો છે. આ શોધ માટે રોવરમાં લાગેલા **SHERLOC** નામના અલ્ટ્રાવાયોલેટ સાધનનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

## 30 જૂન

- સેશેલ્સના રાષ્ટ્રપતિ **પેટ્રિક હર્મિનીએ** વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પોતાના દેશના સર્વોચ્ચ પર્યાવરણ સન્માન **'ગાર્ડિયન ઑફ ધ બ્લૂ હોરાઈઝન'થી** સન્માનિત કર્યા. ભારત અને સેશેલ્સ વચ્ચે રક્ષા, અવકાશ, ડિજિટલ પેમેન્ટ (UPI) સહિત 19 કરારો પર હસ્તાક્ષર થયા. ભારતે સેશેલ્સમાં વિકાસ યોજનાઓ માટે 1250 કરોડ રૂપિયાની લાઇન ઑફ ક્રેડિટ આપવાની પણ જાહેરાત કરી.

- એરોસ્પેસ ઇજનેર **એન. જયન** ઇસરોના લિક્વિડ પ્રોપલ્શન સિસ્ટમ્સ સેન્ટરના નવા નિયામક બન્યા. તેમણે LVM3 રૉકેટ માટે ક્રાયોજેનિક એન્જિનના વિકાસમાં કામ કર્યું છે. તેઓ અગાઉ નેક્સ્ટ જનરેશન લોન્ચ વ્હીકલ પ્રોજેક્ટના નિયામક પણ રહ્યા હતા. તેમને 2025નો રાષ્ટ્રીય વિજ્ઞાન પુરસ્કાર મળ્યો છે.

- ચેન્નાઈના 22 વર્ષીય **હર્ષવર્ધન જીબી** ભારતના 97મા શતરંજ ગ્રાન્ડમાસ્ટર બન્યા. તેમણે ચોલા ચેસ જીએમ નોર્મ ટૂર્નામેન્ટમાં ત્રીજો અને અંતિમ જીએમ નોર્મ મેળવ્યો. તેઓ 2020માં ઇન્ટરનેશનલ માસ્ટર બન્યા હતા. 2021માં ફિડે વર્લ્ડ યુથ (અંડર-18) અને 2022માં એશિયન જુનિયર સ્પર્ધામાં સ્વર્ણ પદક જીત્યો હતો.

- એસ્ટેરોઇડના ખતરા બાબતે જાગૃતિ લાવવા માટે આંતરરાષ્ટ્રીય એસ્ટેરોઇડ દિવસ 30 જૂનના રોજ મનાવવામાં આવે છે. 30 જૂન, 1908ના રોજ, **રશિયામાં તુંગુસ્કા** નદીની નજીક એક જોરદાર વિસ્ફોટ થયો હતો, જે એસ્ટરોઇડને કારણે પૃથ્વીને અત્યાર સુધીનું સૌથી મોટું નુકસાન થયેલું માનવામાં આવે છે. આ બાબતને ધ્યાને રાખીને આ દિવસ ઉજવાય છે.

- પંજાબ સરકારે VB-G RAM G (વિકસિત ભારત-ગેરંટી FOR રોજગાર એન્ડ આજીવિકા મિશન (ગ્રામીણ))નો અમલ કરવાની જાહેરાત કરી. આ YOJNA હેઠળ ગ્રામીણ અકુશળ કારીગરોને વર્ષમાં **125 દિવસની** રોજગારીની ગેરંટી આપવામાં આવે છે. આ યોજનામાં કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર વચ્ચે **60:40નું** ભંડોળ વિભાજન કરવામાં આવે છે.

- ટેક્સ અને જીએસટીની ચૂકવણીના કારણે બેંકો પાસે રોકડા નાણાની અછત સર્જાઈ હતી. આ સમસ્યાને દૂર કરવા માટે રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા (RBI)એ **વેરિએબલ રેપો રેટ (VRR) હરાજી દ્વારા બૅંકિંગ સિસ્ટમમાં ₹1.41 લાખ કરોડ** ઠાલવ્યા છે. આ નાણાકીય સહાય બેંકોને 7 દિવસ માટે 5.26%ના કટ

ઓફ વ્યાજ દરે આપવામાં આવશે. બેંકો પોતાની સરકારી જામીનગીરીઓ RBI પાસે રાખીને આ લોન મેળવે છે.

- ગુજરાત સરકારે ગાંધીનગરના **Infocity Project** માટે **Creative Infocity Ltd.ને** આપવામાં આવેલી જમીનનો લીઝ સમયગાળો 2030 બાદ ન વધારવાનો નિર્ણય કર્યો છે. રાજ્ય સરકાર 2030માં સમય મર્યાદા પૂર્ણ થયા બાદ 116 એકર Infocity campus પર ફરીથી નિયંત્રણ મેળવવાની પ્રક્રિયા શરૂ કરશે. આ નિર્ણય alleged lease agreement violations અને લાંબા સમયથી ચાલી રહેલા વિવાદોની પૃષ્ઠભૂમિમાં લેવાયો છે. Infocity project ગુજરાતનું પ્રથમ integrated IT township તરીકે કલ્પવામાં આવ્યું હતું, જેનો હેતુ રાજ્યમાં IT અને ટેક્નોલોજી કંપનીઓને શ્રેષ્ઠ આંતરરાષ્ટ્રીય સુવિધાઓ આપવાનો હતો.

- ભારત સરકારે **Food Safety and Standards (Amendment) Regulations, 2026** જાહેર કરીને **નાના ખાદ્ય વ્યવસાયોને** મહત્ત્વપૂર્ણ રાહત આપી છે. નવા નિયમો મુજબ Retailers અને Non-Manufacturing Food Businessesને **FIFO (First In, First Out)** સ્ટોક રોટેશન સંબંધિત ફરજિયાત પાલનમાંથી મુક્તિ આપવામાં આવી છે. FIFO પદ્ધતિ મુજબ પહેલેથી આવેલ સ્ટોકને પ્રથમ વેચવાનો નિયમ હતો, જેના પાલન માટે નાના વેપારીઓને અલગ રેકોર્ડ રાખવા પડતા હતા. સરકારના આ નિર્ણયથી નાના દુકાનદારો, કરિયાણાની દુકાનો, મીઠાઈની દુકાનો તથા અન્ય નાના ખાદ્ય વેપારીઓ પરનો વહીવટી બોજ ઓછો થશે. સરકારનો હેતુ Ease of Doing Businessને પ્રોત્સાહન આપવાનો તથા કાગળ આધારિત પ્રક્રિયાઓ ઘટાડવાનો છે. આ સુધારો Food Safety and Standards Act, 2006 હેઠળ કરવામાં આવ્યો છે અને તેનું અમલીકરણ Food Safety and Standards Authority of India (FSSAI) દ્વારા કરવામાં આવશે.

- કેન્દ્રીય આરોગ્યમંત્રી જે. પી. નડ્ડાએ **e-Sushrut @ Clinic** નામનું ડિજિટલ પ્લેટફોર્મ લોન્ચ કર્યું. આ પ્લેટફોર્મ **C-DAC** દ્વારા વિકસાવવામાં આવ્યું છે અને તે Cloud-based Hospital Management Information System (HMIS) તરીકે કાર્ય કરે છે. આ સિસ્ટમ ખાસ કરીને નાના ક્લિનિકો, Primary Health Centres (PHC) અને Health & Wellness Centres માટે તૈયાર કરવામાં આવી છે. તેની મદદથી દર્દીઓના ડિજિટલ આરોગ્ય રેકોર્ડ, OPD વ્યવસ્થાપન, દવાઓનો સ્ટોક, લેબોરેટરી સેવાઓ, બિલિંગ અને હોસ્પિટલનું સંચાલન વધુ સરળ બનશે. આ પહેલ **Ayushman Bharat Digital Mission (ABDM)**નો મહત્ત્વપૂર્ણ ભાગ છે, જેનો હેતુ સમગ્ર દેશમાં ડિજિટલ હેલ્થ ઇકોસિસ્ટમ વિકસાવવાનો છે.

- ભારત સરકારે **DIKSHA (Digital Infrastructure for Knowledge Sharing)ને One Nation, One Digital Platform** તરીકે વધુ મજબૂત બનાવવાનો નિર્ણય કર્યો છે. આ પ્લેટફોર્મ દ્વારા નર્સરીથી ધોરણ 12 સુધીના વિદ્યાર્થીઓને ગુણવત્તાસભર ડિજિટલ શિક્ષણ સામગ્રી ઉપલબ્ધ કરાવવામાં આવશે. DIKSHA પર 36 ભારતીય ભાષાઓ અને 7 વિદેશી ભાષાઓમાં અભ્યાસ સામગ્રી ઉપલબ્ધ રહેશે. વિદ્યાર્થીઓને QR Code આધારિત પાઠ્યપુસ્તકો, 2D/3D એનિમેશન, ઇન્ટરેક્ટિવ સામગ્રી, વિડિયો વ્યાખ્યાનો, પ્રેક્ટિસ પ્રશ્નો તથા શિક્ષક તાલીમ જેવી સુવિધાઓ મળશે. આ પહેલનો મુખ્ય હેતુ સમગ્ર દેશમાં સમાન અને સર્વસમાવેશક ડિજિટલ શિક્ષણ વ્યવસ્થા ઊભી કરવાનો છે, જેથી શહેર અને ગામ બંનેના વિદ્યાર્થીઓને સમાન ગુણવત્તાનું શિક્ષણ મળી શકે. DIKSHAની શરૂઆત **2017માં** કરવામાં આવી હતી. તેનું સંચાલન NCERT અને શિક્ષણ મંત્રાલય દ્વારા કરવામાં આવે છે. DIKSHAનો ઉપયોગ વિદ્યાર્થીઓ

ઉપરાંત શિક્ષકો અને વાલીઓ પણ કરી શકે છે. QR આધારિત પાઠ્યપુસ્તકોને Energized Textbooks તરીકે ઓળખવામાં આવે છે. આ પ્લેટફોર્મ PM eVIDYA અને National Digital Education Architecture (NDEAR) સાથે પણ સંકળાયેલું છે.


